RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 269, Dt.02-01-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટ્રક-બસ ચાલકોની હડતાળથી દેશમાં ઠેર-ઠેર ચક્કાજામ

**ટ્રક-ડ્રાઈવરોની હડતાળને કારણે પેટ્રોલ-ડીઝલની અછત, પેટ્રોલ પંપ પર લાગી લાંબી લાઈનોઃ ફળો- શાકભાજી થયાં મોંઘાં, હિટ એન્ડ રનના નવા કાયદામાં વધુ સજા-દંડ સામે વિરોધ; રાજસ્થાન-એમપી સહિત ૧૦ રાજ્યમાં વધુ અસરઃ યુપીમાં સરકારી બસો પણ બંધઃ હડતાલ બેમુદતી કરવાની ચેતવણી**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત ન્યાય સંહીતા નામક નવા કાયદામાં હીટ એન્ડ રન જેવા અકસ્માતોનાં કેસોમાં સજા-દંડની આકરી જોગવાઈ સામે ટ્રક-બસ ચાલકોનું આંદોલન દેશભરમાં પ્રસરવા લાગ્યુ હોય તેમ આજે અનેક રાજયોમાં લાખો ટ્રકનાં પૈડા થંભી ગયા હતા.આવતા દિવસોમાં વિવિધ ચીજોની સપ્લાયમાં વ્યાપક અસર થવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

હીટ એન્ડ રન કેસોમાં ૧૦ વર્ષની જેલ અને સાત લાખના દંડ જેવી જોગવાઈઓ સામે ત્રણેક દિવસથી ગુજરાત સહીતનાં રાજયોમાં ટ્રક-બસચાલકો ચક્કાજામ-હડતાળ કરી જ રહ્યા છે.હવે ઉતર પ્રદેશ, મધ્યપ્રદેશ, હરીયાણા, બિહાર, ઝારખંડ, છતીસગઢ, મહારાષ્ટ્ર જેવા અન્ય મોટાભાગનાં રાજયોમાં પ્રસર્યુ છે. ટ્રક ચાલકો ઉપરાંત ખાનગી બસોનાં ડ્રાઈવરો પણ હડતાળમાં જોડાયા હતા.અમુક ભાગોમાં સરકારી બસોનાં પૈડા પણ થંભી ગયા છે. પરીણામે લોકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વખત આવ્યો છે.

ઓલ ઈન્ડીયા ટ્રક બસ ડ્રાઈવર એસોસીએશનનો દાવો છે કે અકસ્માત હીટ એન્ડ રન કેસોમાં સજા દંડની જોગવાઈ હળવી કરવામાં નહી આવે તો બેમુદતી હડતાળનુ એલાન કરવામાં આવશે.સંગઠન દ્વારા ૧ થી ૩ જાન્યુઆરી સુધી નસ્ટીયરીંગ છોડોથ એલાન અંતર્ગત દેશભરમાં ચક્કાજામ કરવામાં આવી રહ્યા છે.સંગઠનનાં નેતા સોનું યાદવનાં કહેવા પ્રમાણે નવા કાયદામાં સજાની જોગવાઈ આકરી બનાવાયાના વિરોધમાં ટ્રક-બસ ડ્રાઈવરોનુ આ આંદોલન શરૂ કરાયું છે. રીક્ષા-ઓટો ચાલકોનું પણ સમર્થન મળ્યુ છે. અત્યાર સુધીમાં કાયદામાં હીટ એન્ડ રન એક સમાન કેસોમાં બે વર્ષની સજા હતી તે વધારીને ૧૦ વર્ષની કરવામાં આવી છે.

દેશમાં દરરોજ લાખો ટ્રક-બસ દોડે છે. અકસ્માતો દુર્ઘટના સર્જાય છે તે ઈરાદાપૂર્વક નથી હોતી. ચાલક ભયભીત થઈને નાસી જતા હોય છે અનેક કિસ્સામાં ટ્રક કે બસ ચાલકની ભૂલ ન હોય તો પણ તેને જ જવાબદાર ગણવામાં આવે છે.

તેઓના કહેવા પ્રમાણે મોટાભાગનાં રાજયોમાં ટ્રક-બસ ચાલકોએ મોરચો ખોલ્યો છે. ઉતર પ્રદેશમાં તો સરકારી બસનાં ડ્રાઈવરો પણ હડતાલ પર ઉતરી બસ વ્યવહાર થંભાવી દીધો છે. બિહારમાં પણ ટ્રક-બસના થપ્પા કરી દેવામાં આવ્યા હતા. કાયદામાં બદલાવ ન થાય ત્યાં સુધી હડતાળ જારી રાખવામાં આવશે.

## આગામી ૧ એપ્રિલથી બેન્કોમાં એક વર્ષથી વધુ સમયથી વ્યવહાર ન થયા હોવા તેવા ખાતા ઈનઓપરેટીવ ગણાશે

**આરબીઆઈએ જાહેર કરી નવી ગાઈડલાઈનઃ ૧૦ વર્ષ બાદ અનકલેઈમ ડિપોઝીટ આરબીઆઈને ટ્રાન્સફર કરી દેવાશે**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની રાષ્ટ્રીયકૃત સહિતની બેન્કોમાં વધતા જતા ઈનઓપરેટીવ એકાઉન્ટ તથા અનકલેઈમ ડિપોઝીટ અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ હવે તા.૧ એપ્રિલથી અમલમાં આવે તે રીતે બેંકોની નવી ગાઈડલાઈન મોકલી છે અને તેનો અમલ કરીને ઈનઓપરેટીવ એકાઉન્ટની સંખ્યા ઘટાડવા અને અનકલેઈમ ડિપોઝીટમાં વધુમાં વધુ આ પ્રકારની ડિપોઝીટના ખાતેદારને શોધીને તેને પરત આપવા જણાવ્યું છે.



બેંકો સામાન્ય રીતે જે સેવિંગ્ઝ સહિતના ખાતાઓ ૧૦ વર્ષ સુધી ઓપરેટીવ ન હોય એટલે કે જેમાં કોઈ વ્યવહાર ન થયા હોય તેને ઈનઓપરેટીવ તરીકે અલગ કરે છે. આ ઉપરાંત પાકતી મુદત બાદ જે થાપણો રીન્યુ ન થઈ હોય કે ખાતેદારે તે નાણા મેળવ્યા ન હોય તો તે ડિપોઝીટોને પણ અનકલેઈમ ડિપોઝીટ તરીકે જાહેર કરીને તેને અલગથી રખાઈ છે પણ મોટાભાગની બેંકો તેમાં ઈનઓપરેટીવ ખાતામાં મોટા બેલેન્સ હોય તેના ખાતેદારને શોધવાની કે અનકલેઈમ ડિપોઝીટના મૂળ ખાતેદારને શોધીને પરત આપવાની ચિંતા કરતી નથી.

આરબીઆઈએ તેથી જ હવે ઈનઓપરેટીવ એકાઉન્ટની સમય મર્યાદા ઘટાડી છે અને જે એકાઉન્ટમાં એક વર્ષ થી વધુ સમયમાં કોઈ વ્યવહાર ન થયા હોય તો તેને ઈનઓપરેટીવ એકાઉન્ટ તરીકે ગણીને શક્ય તેટલા વહેલા જે તે ખાતેદારને તે ખાતા ઓપરેટ કરવા અથવા બંધ કરવા જણાવાશે.

જેમાં કરન્ટ એકાઉન્ટ ખાતા પણ આવી જશે. અનેક આ પ્રકારના ઈનઓપરેટીવ ખાતામાં અને અનકલેઈમ ડિપોઝીટમાં બેંક ફ્રોડ થવાની પણ શકયતા છે. આથી થાપણદારોને બેંકોએ પત્ર, ઈમેઈલ અને તેના રજીસ્ટર મોબાઈલ નંબર પર જાણ કરવાની રહેશે અને એક વર્ષ પછી જે ખાતા ઈનઓપરેટીવ હોય તેને વધુ એક વર્ષ બાદ કોઈપણ પ્રકારના વ્યવહારની મંજુરી અપાશે નહી.

## મણીપુરમાં ફરી હિંસા ભડકી ઉઠીઃ ૪ના મોત

**૪૮ કલાક પૂર્વે ઉઠાવેલો કર્ફયુ પુનઃ લાદી દેવાયોઃ પશ્ચિમ ઈમ્ફાલમાં અજાણ્યા વ્યક્તિનો અંધાધૂંધ ગોળીબાર**





**મુખ્ય સમાચાર, ઈમ્ફાલ**

લાંબો સમય શાંતિ રહ્યા બાદ મણીપુરમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિમાં ફરી ભડકો થયો છે અને અહીના મૈતેઈ અને કુકી-ઝોમો સમુદાય વચ્ચેની હિંસા ભડકી ઉઠતા ચાર લોકોના મોત થયા છે અને અનેક ઘાયલ થયા છે જે બાદ ઈમ્ફાલ વેસ્ટ જીલ્લામાં તા.૩૧થી જ કર્ફયુમાં જે છુટછાટ અપાઈ હતી તે પાછી ખેંચી લેવામાં આવી છે.

આ જ રીતે વધુ હિંસા ભડકે નહી તે માટે ઈમ્ફાલ પુર્વ કાકચિંગ અને બિશ્નુપુરમાં પણ નવેસરથી કર્ફયુનો અમલ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી એન.બિરેનસિંઘે આ હિંસા માટે જવાબદાર સામે આકરી કાર્યવાહીની ચેતવણી પણ આપી છે.

સમાચાર સંસ્થાના રિપોર્ટ મુજબ એક ગનપંત જે લશ્કરી જવાન જેવા યુનીફોર્મ પહેરીને આવ્યો હતો અને સ્થાનિક લોકો પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો અને બાદમાં તે નાસી છુટયો હતો. બાદમાં સ્થાનિક લોકો રોષે ભરાયા હતા અને અનેક સરકારી વાહનોને આગ ચાંપી હતી.

સરકારી ઈમારતો પર પત્થરમારો કર્યો હતો. પોલીસે સ્થિતિને કાબુમાં લેવા કર્ફયુ લાદી દીધો છે. અહી નવા વર્ષથી ફરી ઉગ્રવાદીઓ પણ રોકેટ હુમલા કરી રહ્યા છે. મણીપુર હિંસામાં ૧૮૦થી વધુ લોકો માર્યા ગયા છે.

## રૂ.૨૦૦૦ની ૯૭.૩૮% નોટો બેંકમાં જમા થઈ, રૂ.૯૩૦૦ કરોડની કરન્સી બાકી

**૧૯ મે-૨૦૨૩ના રોજ રૂ.૨૦૦૦ની ચલણી નોટો પરત ખેંચવાની જાહેરાત કરાઈ હતીઃ હજુ પણ રિઝર્વ બેન્કના ૧૯ કેન્દ્રો ખાતે રૂ.૨૦૦૦ની નોટ જમા કરાવી શકાય છે**

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતીય રીઝર્વ બેંકે આજે જણાવ્યું કે, ૨૯ ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં રૂ.૨૦૦૦ની ૯૭.૩૮ ટકા નોટો બેંકિંગ વ્યવસ્થામાં પરત આવી ગઈ છે. હવે માત્ર રૂ.૯,૩૩૦ કરોડના મૂલ્યની નોટો જ લોકો પાસ છે. ૧૯ મે-૨૦૨૩ના રોજ રૂ.૨૦૦૦ની ચલણી નોટો પરત ખેંચવાની જાહેરાત કરાઈ હતી. તે સમયે ૩.૫૬ લાખ કરોડના મૂલ્યની નોટો ચલણમાં હતી.



RBIએ કહ્યું કે, આ નોટો હજુ પણ લીગલ ટેન્ડર કહેવાશે. ૨૦૧૬માં નોટબંધીની જાહેરાત બાદ રૂ.૨૦૦૦ની નોટો ચલણમાં આવી હતી. બેંકોમાં નોટ બદલવા અથવા જમા કરવાની છેલ્લી તારીખ ૭ ઓક્ટોબર હતી. જેમની પાસે રૂપિયા ૨૦૦૦ની નોટસ હજુપણ પડી હોય તેઓ રિઝર્વ બેન્કના ૧૯ કેન્દ્રો ખાતે તે જમા કરાવી શકે છે.

૨૦૧૬માં નોટબંધી બાદ રૂ.૨૦૦૦ની નોટો માર્કેટમાં આવી હતી. તે વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બંધ કરવાની જાહેરાત કરી હતી અને તેના સ્થાને નવા પેટર્નની ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નોટ જારી કરી હતી. જોકે છઈઈએ રૂ.૨૦૦૦ની નોટો વર્ષ ૨૦૧૮-૧૯થી છાપવાની બંધ કરી દીધી છે. જ્યારે ૨૦૨૧-૨૨માં રૂ.૨૦૦૦ની ૩૮ કરોડ મૂલ્યની નોટો નષ્ટ કરવામાં આવી હતી.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે પણ ઠંડીનું જોર યથાવતઃ નલિયામાં તાપમાનનો પારો સીંગલ ડીઝીટમાં પહોંચ્યો

**રાજકોટમાં ૧૨.૮, ભૂજમાં ૧૧, ડીસામાં ૧૩.૨, સુરેન્દ્રનગર-જામનગરમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે પણ સવારમાં ઠંડા પવનો સાથે વાતાવરણ ઠંડુગાર રહેવા પામ્યું હતું. આજરોજ પણ સિંગલ ડીઝીટ સાથે નલીયા ઠંડુબોળ રહ્યું હતું. અત્રે આજે સવારે લઘુતમ તાપમાન ૮.૫ ડીગ્રી નોંધાયુ હતું. તેમજ ભૂજમાં ૧૧.૭ અને કંડલા ખાતે ૧૫.૩ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

રાજકોટમાં પણ આજે સવારે શિત લહેરો વચ્ચે ૧૨.૮ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાતા નગરજનોએ તીવ્ર ઠંડી અનુભવી હતી. તેમજ આજે સવારે અમદાવાદ ખાતે ૧૫.૯ ડીગ્રી અમરેલીમાં ૧૫ ડીગ્રી, વડોદરામાં ૧૭, ભાવનગરમાં ૧૬.૪ દમણમાં ૧૮, ડીસામાં ૧૩.૨ દિવમાં ૧૭, દ્વારકામાં ૧૫.૯ અને ગાંધીનગરમાં ૧૪ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. ઉપરાંત



ઓખામાં ૧૯.૮ પોરબંદરમાં ૧૪.૪, સુરેન્દ્રનગરમાં ૧૪ અને વેરાવળ ખાતે ૧૨.૭ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

જામનગરમાં એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૧૪ ડિગ્રીનો થતાં વાતાવરણ ઠંડુગાર બન્યું હતું. ઠંડી વધતા માર્ગો પર લોકોની ચહલપહલમાં ઘટાડો થયો હતો. ૧ ટકા ઘટીને ભેજનું પ્રમાણ ૭૮ ટકા રહ્યું હતું. પવનની ગતિ પણ વધી હતી.

જામનગરમાં દર વર્ષે ડિસેમ્બર મહિનામાં પરંતુ ચાલુ વર્ષે હજુ ઠંડીએ જમાવટ કરી નથી. જાન્યુઆરી માસમાં વધુ ઠંડીની આગાહી છે. ત્યારે શહેરમાં મંગળવારે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન ૧ ડીગ્રીના વધારા સાથે લઘુતમ તાપમાનનો પારો ૧૪ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જયારે મહત્તમ તાપમાન ૨૬ ડીગ્રી નોંધાયુ હતું.

જામનગર જિલ્લા કલેકટરના કંટ્રોલરૂમમાંથી મળતી માહિતી મુજબ આજે સવારે લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી અને મહતમ તાપમાન ૨૬ ડીગ્રી નોંધાયું હતું.જ્યારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા રહ્યું હતું.તો પવનની ગતિ પ્રતિ કલાક ૪.૫ કિમિ નોંધાઇ હતી. ઉલ્લેખનીય છે કે અરબ સાગરનું ભેજ છેકે ઉત્તર ગુજરાત સુધી પહોંચતા આગામી તા.૭થી ૧૦ જાન્યુઆરી સુધીમાં ગુજરાતના જુદા જુદા ભાગોમાં પણ વરસાદની શક્યતા રહે છે જેમાં દક્ષિણ સૌરાષ્ટ્ર અને સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ વરસાદ થઈ શકે છે ઉત્તર પૂર્વ ગુજરાત અને કચ્છના ભાગોમાં પણ વરસાદની શક્યતા રહે છે.તેની અસરના કારણે આ વખતે હવામાન અંગે ઘણી વખત હવામાન પલટા થતું હોય છે આમ જાન્યુઆરી ની ત્રણ તારીખથી ઉત્તરની ઠંડા પવનો ફુકાતા ગુજરાત ભાગમાં પણ ઠંડી વધશે.

## પંજાબના વૃદ્ધો વિમાનમાં તીર્થયાત્રાએ જશેઃકેન્દ્ર તરફથી ટ્રેન ન મળતાં લેવાયો નિર્ણય; પંજાબ સરકારે ચાર્ટર્ડ ફ્લાઈટ્સ બુક કરાવી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર દ્વારા ટ્રેનો ઉપલ્બધ નહીં કરાવ્યા બાદ હવે પંજાબ સરકારે નવો નિર્ણય લીધો છે. સરકાર હવે વૃદ્ધોને વિમાન દ્વારા તીર્થયાત્રા કરાવશે. આ માટે સરકારે ચાર્ટર્ડ ફ્લાઈટ્સ બુક કરી છે. સીએમ ભગવંત સિંહ માન આજે પંજાબ ભવનમાં યોજાનારી પ્રેસ કોન્ફરન્સમાં આની જાહેરાત કરી શકે છે.

પંજાબ સરકાર દ્વારા ૨૭ નવેમ્બર ૨૦૨૩ના રોજ શ્રી ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વના અવસર પર વિશેષ મુખ્યમંત્રી તીર્થ યાત્રા યોજના શરૂ કરવામાં આવી હતી. ત્યારથી લઈને અત્યાર સુધી માત્ર એક જ ટ્રેન ભક્તોને લઈ જઈ શકી છે. પ્રથમ ગ્રુપ શ્રી હઝુર સાહિબ જવા રવાના થયો હતો. રેલવે વિભાગની સમસ્યાઓને કારણે, ૬ ડિસેમ્બરે જલંધરથી વારાણસીની ટ્રેન રદ કરવામાં આવી હતી.



હવે આ બેચ ૧૫મી ડિસેમ્બરે માલેરકોટલાથી અજમેર શરીફ જવાની હતી, પરંતુ રેલવેએ અસમર્થતા દર્શાવી છે. જો કે, રાજ્ય સરકારે ૧૫ ડિસેમ્બરની ટ્રેન માટે રેલવે વિભાગમાં ૧.૩૪ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે.

સરકાર તરફથી લોકોને અઈ ટ્રેનમાં આ મુસાફરી કરાવવામાં આવી રહી છે, જ્યારે રેલવેની દલીલ છે કે તેમની પાસે જનરેટર કોચનો અભાવ છે. બીજી તરફ, રાજ્ય સરકારની દલીલ છે કે મુસાફરી માટે રેલવે સાથે MOU સાઈન કરવામાં આવ્યા છે, જ્યારે મુસાફરીને લગતી રકમ પણ એડવાન્સમાં આપવામાં આવી રહી છે. આમ છતાં આ પ્રકારની સમસ્યા હજુ પણ જોવા મળી રહી છે. જોકે, સરકારે યાત્રાને લઈને યોજનાઓ બનાવી છે. આગામી લોકસભાની ચૂંટણી પહેલા તે કોઈપણ ભોગે પૂર્ણ થાય તે માટેનો પ્રયાસ છે.

સરકાર દ્વારા મુખ્યમંત્રી તીર્થયાત્રા યોજના માટે ૪૦ કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે. વર્તમાન નાણાકીય વર્ષમાં ધાર્મિક સ્થળોએ ૧૩ ટ્રેનો મોકલવાની યોજના છે. યોજના મુજબ દર અઠવાડિયે એક ટ્રેન શ્રદ્ધાળુઓને લઈ જવાની હતી. દરેક ટ્રેનમાં એક હજાર શ્રદ્ધાળુઓ સામેલ કરવાના હતા. પંજાબ સરકારે આ કામ માટે ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.

જ્યારે, પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ધાર્મિક સ્થળોની યાત્રા બસ દ્વારા કરવામાં આવે છે. યાત્રાની રૂપરેખા બનાવવા માટે કેબિનેટ માટે એક પેટા કમિટી બનાવવામાં આવી છે. જેમાં કુલદીપ સિંહ ધાલીવાલ, લાલજીત સિંહ ભુલ્લર અને અમન અરોડાનો સામેલ છે.

## ભરતીની જાહેરાત : ગૌણ સેવા પસંદગી મંડળે વર્ગ ૩ની ૧૮૮ જગ્યાઓ માટે અરજી મંગાવી, ૧૬ જાન્યુઆરી સુધી ભરી શકાશે ફોર્મ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજ્યમાં પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે મોટા સમાચાર આવી રહ્યા છે. નવા વર્ષના પહેલા જ દિવસે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૮૮ ખાલી જગ્યાઓ ભરતીની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સંશોધન મદદનીશ વર્ગ-૩ની ૯૯ જગ્યા અને આંકડા મદદનીશ વર્ગ-૩ની ૮૯ જગ્યાઓ પર ભરતી બહાર પડાઈ છે. આ માટે ઉત્સુક ઉમેદવારો ૨ જાન્યુઆરીથી લઈને ૧૬ જાન્યુઆરી સુધી સત્તાવાર વેબસાઈટ પર ફોર્મ ભરી શકશે.

ગૌણ સેવા દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે સંશોધન મદદનીશ વર્ગ-૩ ને પાંચ વર્ષ સુધી ૪૯,૬૦૦ રૂપિયા ફિક્સ પગાર આપવામાં આવશે. જ્યારે આંકડા મદદનીશ વર્ગ-૩ને ૪૦,૮૦૦ રૂપિયા ફિક્સ પગાર આપવામાં આવશે.

અરજી કરનાર ઉમેદવારની ૧૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૭ વર્ષથી વધુ ન હોવી જોઈએ. ઉમેદવાર ભારતની સંસદ



કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા UGC એક્ટ ૧૮૫૬ના સેક્શન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની મુખ્ય વિષય તરીકે આંકડા શાસ્ત્ર અથવા એપ્લાઈડ આંકડાશાસ્ત્ર અથવા ગાણિતીક આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા એપ્લાઈડ અર્થશાસ્ત્ર અથવા વાણિજ્ય આર્થશાસ્ત્ર અથવા ઈકોનોમેટ્રીક્સ અથવા ગણિતશાસ્ત્ર અથવા વાણિજ્ય અર્થશાસ્ત્ર અથવા એપ્લાઈડ ગણિતશાસ્ત્ર અથવા એડવાન્સ આંકડાશાસ્ત્રમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ડિગ્રી ધરાવતો હોવો જોઈએ.

કોમ્પ્યુટરના જ્ઞાન અંગે કોમ્પ્યુટર કૌશલ્યની ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કાર્યક્ષમતા (તાલીમ અને પરીક્ષા) નિયમો-૨૦૦૬ મુજબ નિયત થયેલી પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.

ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા ગુજરાત/હિન્દી બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.વખતોવખત સુધાર્યા પ્રમાણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ની જોગવાઈ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

સરકારી નોકરીની તૈયારી કરતા ઉમેદવારો માટે ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આગામી ૧૫ દિવસમાં જ રાજ્યમાં વર્ગ ૩ના કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. ત્યારે હવે ગૌણ સેવાએ હાલ ૧૮૮ જગ્યાઓ માટે ભરતી બહાર પાડી છે.

ગુજરાત સરકારે વર્ગ ૩ની ભરતીને લઈને કેટલાક ફેરફાર કર્યા છે. હવે જૂનિયર ક્લાર્કની ભરતી પરીક્ષા એમસીક્યુ પદ્ધતિથી લેવાશે. અગાઉ આ પરીક્ષા અલગ અલગ યોજાતી હતી. જ્યારે હેડક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સહિત વિવિધ ૨૧ સંવર્ગની ભરતી માટે મુખ્ય લેખિત પરીક્ષા લેવાશે. સામાન્ય વહિવટ વિભાગ દ્વારા સત્તાવાર નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવ્યું છે.

# છોટાઉદેપુર-મોરબી રૂટનો એસટી ડ્રાઈવર પીધેલી હાલતમાં ઝડપાયોઃમોટી દુર્ઘટના ઘટતા સહેજમાં ટળી

## એસટી ડ્રાઈવર નશાની હાલતમાં બસને બેફામ ચલાવતા કંડક્ટરે બસ ઉભી રખાવી ડ્રાઈવરને બસમાંથી ઉતાર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

'સલામત સવારી એસટી અમારી' ? છોટા ઉદેપુરથી મોરબી રૂટમાં ચાલતી છોટા ઉદેપુર ડેપોની એસ ટી બસનો ડ્રાઈવર નશાની હાલતમાં બસ બેફામ ચલાવી બે વાર રોડની નીચે ઉતારી દીધેલ તેમજ એકદમ સર્પાકારે ચલાવતા બસના કન્ડક્ટરે સમયસુચકતા વાપરી એસ ટી બસ હળવદના શિરોઈ ગામે ઉભી રખાવી મોટી દુર્ઘટના બનતા અટકાવી હતી. જો કે શિરોઈ ગામે અગાઉથી એસ ટી વિભાગની લાઈન ચેકીંગ સ્કવોડની રાજકોટ ટીમ પણ આવી ગયી હતી. ત્યારે નશાખોર એસટી ડ્રાઈવરને હળવદ પોલીસ મથકે લાવી તેના વિરુદ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર છોટા ઉદેપુર-મોરબી રૂટની એસટી બસમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા અર્જુનસિંહ દોલતસિંહ પરમારે આરોપી એસ ટી બસના ચાલક રમેશભાઈ શંકરભાઇ ડામોર વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે તા. ૩૧ ડિસેમ્બરના રોજ એસટી બસ રજી. જીજે-૧૮-ઝેડ-૩૯૨૧ના ચાલકે પોતાની ચાલુ ફરજે નશાની હાલતમાં સરકારી બસ જાહેર રોડ ઉપર સર્પાકારે તથા બેફામ ચલાવી બસમાં બેઠેલા તમામની જિંદગી જોખમાય તે રીતે બસ ચલાવ્યાની ફરિયાદ નોંધાવતા હળવદ પોલીસે એસટીના બસ ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જેતપુરના બળદેવધાર વિસ્તારમાં ગેરકાયદેસર થઇ રહેલ વંડાની પેશકદમી દુર કરવા માંગ

## લત્તાવાસીઓએ પાલિકાના ચીફ ઓફિસર અને મામલતદારને બબ્બેવાર રજૂઆત કરી છતાં તંત્ર મુક, બધીર અને સુરદાસની ભૂમિકા ભજવતું હોવાનો લત્તાવાસીઓનો આક્ષેપ







**મુખ્ય સમાચાર, હરેશ ભાલિયા**

**જેતપુરઃ** જેતપુરના બળદેવ ધાર વિસ્તારમાં કોઈ આસામી દ્વારા સાર્વજનિક પ્લોટમાં બંધાતા વંડાના બાંકામને તાત્કાલિક રોકીને લત્તાવાસીઓને પડતી હાલાકી રોકવા જેતપુર નવાગઢ નગરપાલિકાના ચીફ ઓફિસર અને મામલતદારને લેખિત રજૂઆત કરામાં આવી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ નવાગઢ ગામે જેતપુર-નવાગઢ નગરપાલીકાની હદમાં બીનઅધિકૃત બળદેવ ધુસાની ધાર, નાગબાઈ ધાર તરીકે ઓળખાતા વિસ્તારમાં સરકારની પડતર જમીન આવેલ છે. આ જમીનમાં વેલનાથ દાદાનું મંદિર તેમજ કુટુંબના માતાજીનો મઢ આવેલ છે.

સમાજને લગતી તેમજ વિકાસને લગતી પ્રવૃત્તિઓ થતી હોવાથી લોકોને અનુકુળ છે તેમજ આ જગ્યાને સારી રીતે સાફ-સફાઈ રાખવામાં આવે છે. પરંતુ આ વિસ્તારના રાજકીય આગેવાન બળદેવભાઈ પોતાના સમાજ માટે સમાજ ઉભો કરવાની પેરવી કરી સમાજની ધાર્મિક લાગણી દુભાય તે રીતે ગેરકાયદેસર રીતે આ જગ્યામાં વંડો વાળી આ જગ્યા તેઓ પચાવી પાડવાની તજવીજ કરતા હોય તેમજ ગેરકાયદેસર રીતે બાંધકામ કરતા હોય જેને તાત્કાલીક રોકી સમાજની લાગણી ના દુભાય તેવો યોગ્ય હુકમ કરી પેશકદમી કરનારને નોટીસ આપવા રજૂઆત કરવામાં આવી છે.

રજુઆતમાં જેસીંગભાઈ મુળજીભાઈ સહિતના લત્તાવાસીઓએ જણાવ્યું છે કે, બિનઅધિકૃત જગ્યા ઉપર આ કામના આસામીઓ ગેરકાયદેસર રીતે કબ્જો કરી લેશે તો આ વિસ્તારમાં ટ્રાફીકની સમસ્યા ઉભી થશે અને ધાર્મિક પ્રસોંગોના સમયે લોકોને ખુબ જ મુશ્કેલીઓ ઉભી થશે તેમજ અમારા માતાજીનો મઢ તથા વેલનાથ દાદાના મંદિરની જગ્યાને આ કામના આસામીઓ પચાવી પાડશે અને અમારા સમાજમાં ખોટી રીતે ઝઘડાઓ ઉભા થશે આ બાબતે વહેલી તકે યોગ્ય નિર્ણય લઈ ગેરકાયદેસર રીતે પેશકદમી તાત્કાલીક રોકવાનો હુકમ થાય તેવી લત્તાવાસીઓએ પાલિકાના ચીફઓફિસર અને મામલતદાર સમક્ષ માંગ કરાઈ છે.

# ખોવાયેલ પર્સ તથા બે મોબાઈલ શોધી કાઢી મૂળ માલિકને પરત કરી પ્રશંસનીય કામગીરી કરતી સીટી – બી ડિવિઝન પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના પંડિત નહેરૂ માર્ગ પર સપ્તાહ પહેલા એક મહિલાનું બે મોબાઈલ, કિંમતી કાગળો સાથેનું પર્સ ક્યાંક પડી ગયું હતું. તેઓએ પોલીસની મદદ મેળવતા તેમને પર્સ શોધી આપવામાં આવ્યું છે.



જામનગરના પટેલકોલોની વિસ્તારમાં રહેતા વીણાબેન દયાશંકરભાઈ પંડયા નામના મહિલા સાતેક દિવસ પહેલા ડીકેવી કોલેજથી પંચવટી તરફ જતા હતા ત્યારે માર્ગમાં તેમનું પર્સ ક્યાંક પડી ગયું હતું.તેમના પર્સમાં વન પ્લસ તથા રેડમી કંપનીનો મોબાઈલ તેમજ અગત્યના ડોક્યુમેન્ટ હતા. પર્સ શોધવા માટે તેઓએ શોધખોળ કરી હતી પરંતુ પર્સ ન મળતા આખરે તેઓએ પોલીસને જાણ કરી હતી. સિટી-બી ડિવિઝનના પીઆઈ એચ.પી. ઝાલાએ તે મહિલાને મદદ કરવા માટે સૂચના આપી હતી. જેના પગલે પો.કો. બળભદ્રસિંહ, મયુરરાજસિંહે તે વિસ્તારના કમાન્ડ કંટ્રોલ સેન્ટરના સીસીટીવીના ફૂટેજ ચકાસ્યા હતા. જેમાં આ પર્સના સગડ મળ્યા હતા. તે પર્સ પરત મેળવી આ મહિલાને સોંપી આપવામાં આવ્યું છે.

# મોરબી જિલ્લામાં ઈવીએમ-વીવીપેટ અંગે લોકોને જાગૃત કરવા મોબાઈલ ડેમોન્સ્ટ્રેશન વાનને પ્રસ્થાન કરાવતા કલેકટર જી.ટી. પંડ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લામાં અગામી લોકસભાની ચૂંટણી અન્વયે લોકોમાં જાગૃતિ આવે લોકોને ઈવીએમ અને વીવીપેટ તથા મતદાન પ્રક્રિયા અંગે માહિતી મળે તે હેતુથી મોબાઈલ ડેમોન્સટ્રેશન વાન (MDV)ને જિલ્લા કલેક્ટરશ્રી જી.ટી. પંડ્યાએ ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.





લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજ્યના માર્ગદર્શન હેઠળ લોકો ઈવીએમ-વીવીપેટના ઉપયોગ અંગે માહિતગાર થાય તથા લોકોમાં જાગૃતિ વધે તેવા હેતુથી મોરબી જિલ્લામાં મોબાઈલ ડેમોન્સ્ટ્રેશન વાન (ખઉટ) ફાળવવામાં આવી છે. આ વાન તા.૦૧/૦૧/૨૦૨૪ થી ૨૯/૦૨/૨૦૨૪ દરમિયાન ૬૫-મોરબી વિધાનસભા મતદાર વિભાગ, ૬૬-ટંકારા વિધાનસભા મતદાર વિભાગ તથા ૬૭-વાંકાનેર વિધાનસભા મતદાર વિભાગમાં આવેલ તમામ મતદાન મથકો તથા શહેરના મુખ્ય ભીડભાડ વાળા સ્થળો જેમ કે, શાક માર્કેટ, મોટો ચોક, બસ સ્ટેન્ડ વગેરે સ્થળોએ ફેરવી લોકોને માહિતગાર કરવામાં આવશે.

ઉપરાંત મોરબી જિલ્લાની હેડકવાટર્ર કચેરી, સબ-ડીવીઝન કચેરી ખાતે ઈવીએમ નિદર્શન કેન્દ્ર (EDC) બનાવવામાં આવશે જ્યાં લોકોને ઈવીએમ-વીવીપેટના ઉપયોગ અંગે માહિતગાર થાય તથા જાગૃતિ વધારવા માટે કામગીરી કરવામાં આવશે. જેથી તા.૦૧/૦૧/૨૦૨૪ થી ૨૯/૦૨/૨૦૨૪ સુધી મોબાઈલ ડેમોન્સ્ટ્રેશન વાન(ખઉટ) અને ઈવીએમ નિદર્શન કેન્દ્ર(ઊઉઇ)ની જિલ્લાના નાગરિકોને વધુમાં વધુ લોકો મુલાકાત લેવા જિલ્લા કલેક્ટરશ્રી જી.ટી. પંડ્યાએ અપીલ કરી છે

# શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી દ્વારા જામનગર મહાનગરપાલિકાને વિસ્તારના વિકાસ માટે રૂા. ૧૯.૯૫ કરોડની રકમને મંજુરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી દ્વારા જામનગર મહાનગરપાલિકાને રૂપિયા ૧૯ કરોડ ૮૫ લાખની ગ્રાન્ટ આઉટ ગ્રોથ વિસ્તારના વિકાસ કામ માટે ફાળવવા મંજુરી આપી છે. ઉપરાંત કાલાવડ નગરપાલિકાને પણ રૂપિયા ૯.૪૬ કરોડની રકમ ફાયર સ્ટેશન માટે ફાળવાઈ છે.જામનગર મહાનગર પાલિકા દ્વારા આઉટ ગ્રોથ વિસ્તારના વિકાસ કામો માટેની કરોડો રૂપિયાની દરખાસ્તો રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી હતી. તાજેતરમાં થયેલી બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ ત્રણ મોટા શહેરોને વિકાસ કામો માટે રકમ ફાળવવા મંજુરી આપી છે. જેમાં જામનગર મહાનગરપાલિકા માટે રૂપિયા ૧૯.૮૫ કરોડનો સમાવેશ થાય



છે.આ ઉપરાંત જામનગર જિલ્લાના કાલાવડ નગરપાલિકાને પાંચ હજાર ચો.મી. જગ્યામાં ફાયર સ્ટેશનનું બાંધકામ કરવા માટે રૂપિયા ૯ કરોડ ૪૬ લાખ ફાળવાનો પણ નિર્ણય કર્યો છે.

# મોરબી જિલ્લા મહાસંઘની મહિલા ટીમે લીધા નવનિયુક્ત ડીપીઈઓ અને પ્રમુખની શુભેચ્છા મુલાકાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી,અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ એટલે રાષ્ટ્ર કે હિતમેં શિક્ષા,શિક્ષા કે હિતમેં શિક્ષક,શિક્ષક હિતમેં સમાજ ના ધ્યેય સૂત્ર સાથે કામ કરતું અને બાળકના હિતને સર્વોપરી રાખી કામ કરતા મહાસંઘની મહિલા ટીમના કાર્યકર્તા બહેનોએ જિલ્લા પંચાયત ખાતે હંસાબેન પારેધી પ્રમુખ જિલ્લા પંચાયત તેમજ નવનિયુક્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નમ્રતાબેન મહેતા અને છેલ્લા એક વર્ષથી ઈન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે સંનિષ્ઠ કામગીરી કરનાર



પ્રવિણભાઈ અંબારીયા વગેરે અધિકારી, પદાધિકારીઓ મહાનુભાવોનું પુષ્પગુચ્છ અર્પણ કરી, ટંકારાના શિક્ષિકા જયશ્રીબેન રાજકોટીયા લેખિત પુસ્તક નટખટ (શ્રીકૃષ્ણ જીવન ચરિત્ર), દેશથી પરદેશ, પરીબાઈની પાંખે, હાથીદાદાની પૂંછ વગેરે પુસ્તકોથી ડો.લાભુબેન કારાવદરા મહિલા સંગઠન મંત્રી મોરબી-સુરેન્દ્રનગર વિભાગ, વિણાબેન દેસાઈ મહિલા ઉપાધ્યક્ષ કિરણબેન આદ્રોજા મહિલા મંત્રી જિલ્લા ટીમ મોરબી, પ્રજ્ઞાબેન ફુલતરિયા મહિલા ઉપાધ્યક્ષ મોરબી તાલુકો અસ્મિતાબેન ગડારા સ્વાતીબેન ત્રિવેદી, ક્રિષ્નાબેન કાસુંદ્રા વગેરેએ સ્વાગત,અભિવાદન કર્યું હતું. હાલમાં શાળાઓમાં ૬૦% માતૃશક્તિ બહેનો ફરજ બજાવતા હોય અને ડીપીઈઓ તરીકે બહેન હોય સ્વાભીવિક છે કે એમની પાસે શિક્ષિકાઓની અપેક્ષાઓ વધુ હોય,ડીપીઈઓબહેનની પણ શિક્ષિકા બહેનો પાસે ગુણવત્તાલક્ષી શિક્ષણની અપેક્ષા હોય એવી બધી વાતો થઈ હતી. હંસાબેન પારેધી પ્રમુખ જિલ્લા પંચાયતે પણ બધા જ શિક્ષિકા બહેનો સાથે ખુબજ સ્નેહપૂર્ણ રીતે વાત કરતા જણાવ્યું કે શિક્ષણકાર્યમાં અવરોધરૂપ કોઈપણ બાબત હોય અમને જણાવશો,ડો.લાભુબેન કારાવદરાએ શૈક્ષિક મહાસંઘની કાર્યપ્રણાલી વિશે માહિતગાર કરતા જણાવ્યું હતું કે મહાસંઘના કાર્યકર્તાઓ શિક્ષણકાર્યની સાથે કોરોના જેવી કુદરતી આફતો કે માનવ સર્જીત આફતો વખતે રાષ્ટ્રીય સ્વંયમ સેવક સંઘ સાથે રહીને સેવાકાર્ય કરતું સંગઠન છે અને વર્ષ દરમ્યાન માતૃશક્તિ વંદના, કર્તવ્ય બોધ દિવસની ઉજવણી,વર્ષ પ્રતિપદા દિવસની ઉજવણી,ગુરુપૂર્ણિમાની ઉજવણી કરી સમાજમાં શિક્ષકનું ગૌરવ પ્રસ્થાપિત થાય એવા કાર્યો કરે છે.

# મોરબીમાં સમસ્ત મચ્છુકાંઠા રબારી સમાજના ૨૦૦ તેજસ્વી છાત્રોનું સન્માન

## વડવાળા યુવા સંગઠન દ્વારા પુજીત કળશ યાત્રાનું ભવ્ય કાર રેલી કાઢી ઉમળકાભેર સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

મોરબીમાં વડવાળા યુવા સંગઠન દ્વારા સમસ્ત મચ્છુકાંઠા રબારી સમાજના ૨૦૦ તેજસ્વી છાત્રોનું મુઠી ઉંચેરું સન્માન કરીને શ્રેષ્ઠ કારકિર્દી બનાવીને સમાજમાં મોભાદાર સ્થાન મેળવવા માટે પ્રોત્સાહિત કરાયા હતા. જ્યારે તેજસ્વી છત્ર સન્માન સમારોહ પહેલા વડવાળા યુવા સંગઠન દ્વારા પુજીત કળશ યાત્રાનું ભવ્ય કાર રેલી કાઢી ઉમળકાભેર સ્વાગત કરાયું હતું.











અયોધ્યા રામ જન્મભૂમિથી આવેલ પૂજીત અક્ષત કળશયાત્રાનું મોરબીના સામાકાંઠે સર્કિટ હાઉસથી ક્લાસિક પાર્ટી પ્લોટ સુધી મોરબીના વડવાળા યુવા સંગઠનએ ભવ્ય કાર રેલી કાઢી સમસ્ત મચ્છુ કાંઠા રબારી સમાજે ભવ્ય સ્વાગત કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. રબારી સમાજના તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આશરે ૨૦૦ જેટલાં વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે રબારી સમાજના સ્નેહમિલનનું પણ વડવાળા યુવા સંગઠન તેમજ રબારી સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દુધરેજ વડવાળા મંદિરના કોઠારી મુકુંદરામ બાપુ , દુધઈ વડવાળા મંદિરના કોઠારી સુંદરદાસજી બાપુ , મેશરિયા વડવાળા મંદિરના કોઠારી મગ્નિરામ બાપુ, અધિક કલેક્ટર મુછાર સાહેબ , પોલીસ ઇન્સ્પેક્ટર જે. એમ. આલ, ચીફ ઓફિસર ગિરીશભાઈ સરૈયા અને રબારી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય સંયોજક દેવેનભાઈ રબારી અને હીરાભાઈ ખાંભલા , મોતીભાઈ રબારી , હર્ષદભાઈ ખાંભલા, દેવરાજભાઇ આલ, નવઘણભાઈ કરોતરા , જીવનભાઈ રબારી , સોહનભાઈ રાગીયા , ધારાભાઈ રબારી , જીવણભાઈ ખાંભલા , રાયમલભાઈ રબારી સહીતના સૌએ જહેમત ઉઠાવી હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી રહે તે માટે મોટીવેશનલ સ્પીકર જય વસાવડાએ પણ ઉપસ્થિત રહી રબારી સમાજના વિદ્યાર્થીઓને તેમની રસ-રુચીના ક્ષેત્રોમાં આગળ વધી તેમજ તમામ વાલીઓને તેમના સંતાનોને શ્રેષ્ઠ શિક્ષણ આપવા તેમજ સંતાનો ઉપર ભણતરનો ભાર ન નાખી તેમના મનગમતા ક્ષેત્રોમાં કારકિર્દી ઘડવા માટે પ્રોત્સાહિત કરવાની હાકલ કરી હતી.

# રાજકોટના ચિત્રકારો દ્વારા ક્સિાનપરા ચોકમાં અયોધ્યા મંદિર કંડારાયું





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અયોધ્યામાં આગામી તા.૨૨ જાન્યુઆરીએ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા વડાપ્રધાન મોદીના હસ્તે થવાની છે રાજકોટ સહિત સમગ્ર દેશમાં આ પ્રાણ પ્રતિષ્ઠાને લઈ દિવાળી જેવો માહોલ જોવા મળી રહયો છે. રાજકોટ મહાનગરપાલીકા ા૨ા પ્રાણ પ્રતિષ્ઠાને લઈ તૈયારીઓ આરંભાઈ છે આજે રાજકોટના ચાર ચીત્રકારો ા૨ા ક્સિાનપરાચોક ખાતે ભગવાન શ્રી રામનું અયોધ્યા મંદિર કંડાળવામાં આવ્યું હતું નોંધનિય બાબત એછેકે આ ચીત્રકારોએ ૨૪ કલાક પેઈન્ટીંગ કરી અયોધ્યા મંદિર કંડારીયું છે.


# ઈન્ડિયન ડેન્ટલ એસો.ની જામનગર બ્રાન્ચ ફરી ઝળકીઃ ચાર એવોર્ડ એનાયત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશન જામનગર બ્રાન્ચે ફરી એકવાર ગુજરાત સ્ટેટ લેવલની કોન્ફરન્સમાં અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અમદાવાદમાં ઈન્ડિયન એસોસિએશન ગુજરાત સ્ટેટ લેવલની કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશન જામનગર બ્રાન્ચને ચાર જેટલા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.







જેમાં ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશનના જામનગર બ્રાન્ચના પ્રેસિડેન્ટ ડો. આકાશ તકવાણી બેસ્ટ પ્રેસિડેન્ટ રનર અપ ગુજરાત સ્ટેટ લેવલનો એવોર્ડ, ઈન્ડિયન ડેવલસિએશન જામનગર બ્રાન્ચના સેક્રેટરી ડો. ચિંતન પોપટને પ્રેસિડેન્શીયલ એપ્રિશિયેશન, બેસ્ટ સેક્રેટરી ઓફ લોકલ બ્રાન્ચ ગુજરાત સ્ટેટ લેવલનો એવોર્ડ ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશનના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર ડો. રીમી તકવાણીને, બેસ્ટ એકેડેમિક અચીવમેન્ટ અમેરિકાનો એવોર્ડ અને ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશન જામનગર બ્રાન્ચને બેસ્ટ ઓલ એરાઉન્ડ સાયન્ટિફિક એક્ટિવિટી એટ ગુજરાત લેવલનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

જામનગર ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશનના સમગ્ર હોદ્દેદારો તથા તેના ટીમ મેમ્બરોના અથાક પરિશ્રમથી ગુજરાત રાજ્ય કક્ષાની ડેન્ટલ કોન્ફરન્સમાં ચાર જેટલા એવોર્ડ પ્રાપ્ત કર્યા છે.

# ગુજરાત સરકારના આગામી બજેટ માટે પાંચ સભ્યોની કમિટીની રચનામાં મંત્રી કુંવરજીભાઈનો સમાવેશ કરતાં જસદણમાં ખુશાલી

## નાણામંત્રી કનુ દેસાઇ, મંત્રી ઋષિકેશ પટેલ, રાઘવજી પટેલ, કુંવરજી બાવળિયા અને ભાનુબેન બાબરિયાનો સમાવેશ

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણઃ** જસદણ ગુજરાતમા ૧લી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ વિધાનસભા બજેટ સત્રની શરૂઆત થઈ જશે. આગામી વિધાનસભા બજેટ સત્રને ગૃહમાં રજૂ કરવમાં આવશે. વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે એક કમિટીની રચના કરી છે. આ કમિટી નાણા મંત્રી કનુભાઈ દેસાઈનું બજેટ ભાષણ તૈયાર કરશે અને ગુજરાતના સર્વાંગી વિશ્વાસને આશુ સ્વાર માટેનું બજેટ તૈયાર કરશે. આગામી વર્ષનું



બજેટ ભાષણ તૈયાર કરવા માટે આ કમિટીમાં નાણામંત્રી કનુ દેસાઈ, મંત્રી ઋષિકેશ પટેલ, રાઘવજી પટેલ, કુંવરજી બાવળિયા અને ભાનુ બાબરિયા કમિટિમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ કમિટી ગુજરાતના સર્વાંગી વિકાસ અને લાંબા ગાળાના વિકાસને ધ્યાને રાખીને બજેટ ભાષણ તૈયાર કરશે. આગામી ગુજરાત સરકારનું બન્ને વર્ષ માટે રજૂ કરવામાં આવનાર છે. બજેટ સત્રને લઈને સંભવિત ૨૬ બેઠકો મળશે અને ૧ ફેબ્રુઆરીથી વિધાનસભા બજેટ સત્ર શરૂ થશે. વિધાનસભામાં ૨ ફેબ્રુઆરીના રોજ બજેટ રજુ કરવામાં આવશે.

## મધરવાડા પાસે થર્ટી ફર્સ્ટની રાત્રે પોલીસની કારને કાવો મારી નીચે ઉતારી દેનાર ત્રિપુટી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મઘરવાડા પાસે પોલીસને કાવો મારતા પોલીસે જીપ નીચે ઉતારી લીધી હતી બાદમાં પીછો કરી નશામાં ધુત ત્રિપુટીને ઝડપી લીધી હતી.

રાજકોટમાં થર્ટી ફર્સ્ટ નિમિતે નશો કરીને નીકળતા નબીરાઓ ઉપર ધોંસ બોલાવવા ખાસ ડ્રાઈવ યોજાઈ હતી શહેરમાં મુખ્ય માર્ગો, મુખ્ય ચોક સહિતના સ્થળોએ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની આગેવાનીમાં ડીસીપી, એસીપી, ક્રાઈમ બ્રાંચ, એસઓજી, એલસીબી અને સ્થાનિક પોલીસ સહિતની ટીમો બ્રેથ એનેલાઈઝરથી સજ્જ થઈ ગઈ હતી સઘન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થતા એકલ દોકલ યુવાનોને અટકાવી ચેક કરતા ૭૦ જેટલા શરાબીઓ નશો કરેલી હાલતમાં મળી આવતા તમામની ધરપકડ કરી હતી. કુવાડવા રોડ પોલીસનો સ્ટાફ મઘરવાડા પાસે પેટ્રોલીંગમાં હતો ત્યારે કારચાલકે પોલીસ જીપને કાવો મારતા ડ્રાયવરે કાર નીચે ઉતારી લીધા બાદ ફરી પીછો કરી નશામાં ધુત રણજીત ઉર્ફે રાણો વલ્લભભાઈ ધરજીયા, વિમલ વિનોદભાઈ ટોપીયા અને કેશુ અશોકભાઈ ધરજીયા નશો કરેલી હાલતમાં મળી આવતા ત્રણેય સામે ગુનો નોંધી કાર કબજે કરી હતી.

## પ્રશંસનીય સેવાઓ બદલ રાજકોટ મંડળના ૧ અધિકારી અને ૭ રેલકર્મીઓને "વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર એનાયત




**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેની ૬૮મી રેલવે સપ્તાહ ઉજવણી, વિશિષ્ઠ રેલ સેવા પુરસ્કાર હાલ માં મુંબઈ ના યશવંતરાવ ચવ્હાણ સભાગૃહ માં યોજાઈ હતી. આ પ્રસંગે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્ર એ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ઉત્તમ પ્રશંસનીય કામગીરી બદલ રાજકોટ મંડળના ૧ અધિકારી અને ૭ કર્મચારીઓને તેમની શ્રેષ્ઠ અને વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર ના રૂપમાં વ્યક્તિગત પુરસ્કારો અર્પણ કર્યા હતા. રાજકોટ ડિવિઝન પર વિશિષ્ઠ રેલ સેવા પુરસ્કાર (ટ્ઢ્ઢ્ઢ) મેળવનાર અધિકારીઓમાં પવન કુમાર શ્રીવાસ્તવ ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર, સંદીપ ઝવેરી હેડ ટ્રેન ક્લાર્ક, હરગોવિંદ મીના સીએ, જય દવે ગુડ્સ સુપરવાઈઝર રાજકોટ, લોકેશ બૈરાગી સિનિયર આસિસ્ટન્ટ લોકો પાયલટ, રવિરાજ ચૌહાણ ટ્રેક મેઈનટેનર રાજકોટ, સુરેશસિંહ ગોહિલ સિનિયર ટેકનિશિયન હાપા અને પ્રગ્નેશ પંડિત પોઈન્ટ્સમેન રાજકોટ નો સમાવેશ થાય છે. રાજકોટ ડિવિઝન ના ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વની કુમારે તમામ એવોર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આ સ્તર જાળવી રાખવા પ્રેરણા આપી હતી. આ પુરસ્કાર સમારોહ માં દર વર્ષે પશ્ચિમ રેલવેના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમની સખત મહેનત અને સમર્પણને સન્માનિત કરવા બદલ આયોજન કરવામાં આવે છે જે હંમેશા પડકારોનો સામનો કરવા તૈયાર છે. આ સમારોહ માં એવા જ કુશળ અધિકારીઓ અને કર્મચારીઓમાંથી કેટલાક પસંદગી પામેલા કેટલાક લોકોને તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવે છે જે આવનારા વર્ષમાં અન્ય કર્મચારીઓને પણ તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રેરણા રૂપ બની રહે છે.

## શહેરી વિકાસ કામો માટે રાજકોટ મનપાને રૂા.૧૩૫ કરોડના ચેકની ફાળવણી

### ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના હસ્તે મનપાના પદાધિકારીઓએ ચેક સ્વીકાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર હસ્તકનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફથી પ્રતિ વર્ષની જેમ રાજ્યની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓના શહેરી વિકાસના કામો માટે માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ચેક અર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તે અનુસાર રાજ્યની નગરપાલિકા/મહાનગરપાલિકાઓને શહેરી વિકાસના કામો માટે તા.૦૨/૦૧/૨૦૨૪ને મંગળવારના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે રૂ.૨૦૮૪.૦૦/- કરોડના ચેક અર્પણ કાર્યક્રમ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે.



ગાંધીનગર ખાતેઆયોજિત શહેરી વિકાસના કામો માટે ચેક અર્પણ સમારોહમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, નાયબ મ્યુનિસિપલ કમિશનર અનિલ ધામેલીયા ઉપસ્થિત રહેલ.

રાજકોટ મહાનગરપાલિકાને શહેરી વિકાસ કામો માટે રૂ.૧૩૫/- કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકાને શહેરી વિકાસ કામો માટે રૂ.૧૩૫/- કરોડની માતબાર રકમની ફાળવણી કરવા બદલ રાજકોટ મહાનગરપાલિકાનામેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી માન. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરેલ છે.

વિશેષમાં, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી માન.શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની તા.૦૧/૦૧/૨૦૨૪ના રોજ શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. આ મુલાકાત વેળાએ રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ કામોની ચર્ચા વિચારણા કરેલ હતી અને નવા વિકાસ કામોના પ્રોજેક્ટ્સ અંગે માર્ગદર્શન મેળવેલ હતું.

## કલેકટર કચેરીમાં શુક્રવારે પ્રથમવાર લેન્ડગ્રેબિંગના ૧૦૦ કેસોનું હીયરીંગ થશે

### લોકસભાની ચૂંટણી પહેલાં એક વર્ષથી પડતર કેસોનો નિકાલ કરવાનો લક્ષ્યાંક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર-જિલ્લામાં સરકારી જમીનો પર દબાણો અને પારકી મિલ્કતો પચાવી પાડવાના કિસ્સાઓમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. આવા દબાણકારો અને મિલ્કતો હડપ કરનારા સામે કાયદાનો શીકંજો કસવા માટે લેન્ડગ્રેબીંગનો કાયદો અમલી બનાવવામાં આવેલ છે.

જે અંતર્ગત રાજકોટ કલેકટર કચેરી ખાતે આગામી તા.૫ને શુક્રવારના લેન્ડગ્રેબીંગની બેઠક કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આયોજીત કરવામાં આવી છે જેમાં સૌ પ્રથમવાર ૧૦૦ કેસો હીયરીંગ માટે મુકવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ કલેકટર કચેરીમાં લેન્ડગ્રેબીંગના કેસોનો ભારેખમ ભરાવો થવા પામેલ છે. એક વર્ષનું વેઈટીંગ લીસ્ટ છે. આગામી તા.૫ના યોજાનારી આ બેઠકમાં જાન્યુઆરી ૨૦૨૩ના કેસો પેન્ડીંગ છે તેને આવરી લેવામાં આવશે.

જિલ્લા કલેકટર તંત્ર દ્વારા આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે આ લેન્ડગ્રેબીંગના તમામ કેસો હીયરીંગ કરી પૂરા કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવી રહ્યો છે. કલેકટર કચેરીમાં આવેલ લેન્ડગ્રેબીંગના કેસોનો પણ ભારેખમ ભરાવો થયો હતો. આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે આ તમામ કેસોનો નિકાલ કરવામાં આવનાર છે. દરમ્યાન આગામી તા.૫ને શુક્રવારના કલેકટર કચેરી ખાતે આયોજીત કરાયેલ લેન્ડગ્રેબીંગની બેઠકમાં ૧૦૦ કેસોની સુનાવણી હાથ ધરાશે.

## ચોટીલાના નેસડા ગામ પાસે બોલેરો જીપની ઠોકરે બાઈક ચડી જતાં પત્નીની નજર સામે પતિનું મોત

### દંપતી લોકિક કામે જતા હતા તે વેળાએ કાળ ભેટયોઃ મહિલા ગંભીર રીતે ઘવાતા રાજકોટ સારવાર માટે ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બનાવ અંગેની મળતી માહિતી મુજબ ચોટીલાના નેસડી ગામે રહેતા રત્નાભાઈ ભીખાભાઈ ખટાણા (૪૫) તેમના પતિની રાધીબેન ખટાણા (૪૩) સાથે બાઈક પર ચોટીલા લોકીક કાર્યમાં જતા હતા તે વેળા ચોટીલા નજીક પહોંચ્યા સામેથી પૂરપાટ ઝડપે દોડી આવતા અજાણ્યા બોલેરો ચાલકે તેના બાઈકને ઠોકર મારતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘટના સ્થળે જ રત્નાભાઈનું કમ કમાટી પડ્યું મોત નીપજ્યું હતું ત્યારે તેમના પત્ની રાધેબેનને ગંભીર રીતે ઈજા પહોંચતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ચોટીલા નજીક આવેલા નેસડા ગામ પાસે અજાણ્યા બોલેરો ચાલકે બાઈક પર જતાં દંપતીને ઠોકર મારતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો જેમાં પત્નીની નજર સામે જ પતિનું કમ કમાટી પર મોતની પછી હતું ત્યારે મહિલા ને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

બનાવની જાણ થતાં જ હોસ્પિટલ ચોકીના સ્ટાફે સ્થાનિક પોલીસને કરતા એવો હોસ્પિટલે દોડી આવ્યા હતા.અને પ્રાથમિક પૂછપરછ કરતા તેઓને જાણવા મળ્યું હતું કે, ભરનીયા ગામે રાધી બેનના મામાના દીકરો ગુજરી ગયો હોવાથી તેમના લોકિક કામે તેઓ બાઈક પર જતા હતા.તે વેળાએ અકસ્માત સર્જાયો છે. દંપતિમે સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે.હાલ ઘટનાથી પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

## મોરબીમાંથી પરિણીતા ગુમ થયાની ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ સીરામીક સીટી એપાર્ટમેન્ટમાં રહેતી પરિણીતા તા.૨૧/૧૨ના રોજ ઘરેથી કોઈને કીધા વિના ચાલ્યા ગયા બાદ આજદિન સુધી પરત ન ફરતા તેના પતિ દ્વારા મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુમસુધા નોંધ કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

ગુમસુધા અંગેની પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી-૨ માં આવેલ સીરામીક સીટી એલ-૪ બ્લોક નં ૩૦૩ માં રહેતા મૂળ મોટી વાવડીના વતની સુનીલભાઇ ગીરીશભાઇ દવે ઉવ.૪૭ એ મોરબી સીટી બી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે કે ગત તા. ૨૧/૧૨/૨૦૨૩ ના રોજ સવારના પોણા બારેક વાગ્યાની આસપાસ સુનિલભાઈના પત્ની અંબિકાબેન સુનીલભાઈ દવે ઉવ.૩૪ કોઈને કહ્યા વગર ઘરેથી નીકળીયા બાદ જે આજદિન સુધી ઘરે પરત ન આવતાં ગુમ થયાની ફરીયાદ નોંધાવી છે. ગુમ થયેલ પરિણીતા ઘઉં વર્ણ વાને તથા તેઓની ઉંચાઈ આશરે સાડા પાંચ ફુટની હોય તેઓ ગુજરાતી, હિન્દી અને કર્ણાટક ભાષા જાણે છે. હાલ મોરબી બી ડિવિઝન પોલીસે ગુમસુધા અંગેની નોંધ કરી આગળની તજવીજ હાથ ધરી છે.

## સામાકાંઠે સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરનાર નરાધમને જન્મટીપની સજા

### ત્રણ વર્ષ પહેલાં માતા નોકરી પર અને પિતા મજુરી કામે ગયા બાદ સગીરાને ફોસલાવી ઉઠાવી જઈ શખ્સ હવસનો શિકાર બનાવી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામા કાંઠા વિસ્તારમાં ૧૫ વર્ષની પુત્રીને લલચાવી ફોસલાવી અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ત્રણ વર્ષ પહેલાના ગુનામાં પોકસો અદાલતે આરોપીને આજીવન કેદનો હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ સામા કાંઠા વિસ્તારની એક આવાસ યોજનામાં રહેતી માતા તારીખ ૨૧/૯/ ૨૦૨૦ના રોજ પ્રાઇવેટમાં નોકરીમાં અને પિતા કામ કરવા ગયા હતા. ત્યારે તેમની ૧૫ વર્ષની સગીર પુત્રીને અસલમ રજાક માજોઠી નામનો શખ્સ લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયો હતો, જે અંગે આવાસ યોજનામાંથી સીસીટીવી ફૂટેજ પણ મળી આવ્યા હતા, જે અંગે બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ બનાવથી પરિવાર ભાંગી પડયો હતો. દરમિયાન ૨૫/૯/૨૦૨૦ ના રોજ આરોપી અસલમને પોલીસે સગીરા સાથે ઝડપી લઈ તેનો કબ્જો મત-પિતાને સોપ્યા બાદ બંનેના મેડિકલ એફએસએલ રિપોર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં સગીરા સાથે આરોપીએ એકથી વધુ વખત શરીર સંબંધ બાંધેલ હોવાનું ખુલતા આરોપી વિરુદ્ધ આઈપીસી ૩૭૬ (૨) એન તેમજ નવા પોક્સો એક્ટની કલમ ચાર અને છ મુજબના ગુના ઉમેરવામાં આવ્યા હતા, પોલીસ દ્વારા તપાસના અંતે ચાર્જશીટ મૂકવામાં આવ્યું હતું.

આ કેસ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલવા ઉપર આવતા સરકાર પક્ષે હાજર થયેલા મદદનીશ સરકારી વકીલ મહેશ જોષીએ ભોગ બનનાર, તેની માતા અને તબીબી તપાસ કરનાર તબીબો તેમજ સગીરાના જન્મ અંગેના પુરાવા, સાક્ષીઓ, સરકારી પંચો વગેરેને તપાસવામાં આવ્યા હતા અને બંને તરફની દલીલો બાદ સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ બી.બી. જાદવે આરોપી અસલમ રજાક માજોઠીને તકસીરવાર ઠરાવી પોકસો એક્ટની કલમ ૬ તથા આઈપીસી કલમ ૩૭૬ (૨) એનમાં આજીવન કેદ, પોકસો એક્ટની કલમ ૪માં દસ વર્ષની સજા તેમજ આઈપીસી કલમ ૩૬૩માં ત્રણ વર્ષની સજા અને કુલ રૂ.૬૨૦૦૦ નો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત ભોગ બનનારને રૂપિયા એક લાખ વળતર પેટે ચૂકવવાની ભલામણ કરી હતી.

## અમદાવાદના કાંકરીયામાં પરિવારથી વિખુટા પડેલાં બાળકોને પોલીસે શોધી માતા-પિતાને સોંપ્યા



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વોઈસ ઓફ ડેમ અમદાવાદ અમદાવાદ શહેરના મણિનગર ખાતે યોજાયેલ કાંકરિયા કાર્નિવલ મેળામાં લાખોની જનમેદની એકત્રિત થતી હોય, તેઓની સુરક્ષા અને સલામતી માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક, સંયુક્ત પોલીસ કમિશનર બ્રજેશ ઝા, ડીસીપી રવિ મોહન સૈની દ્વારા આશરે ૧૩૦૦૦ પોલીસ અધિકારીઓ, પોલીસ સ્ટાફ, હોમ ગાર્ડ, હથિયાર ધારી જઈક જવાનો નો જડબેસલાક બંદોબસ્ત ગોઠવી, લોકોની સલામતી અને સુરક્ષા માટે ૧૦૦ થી ૧૫૦ જેટલા સુચનાઓના સાઈન બોર્ડ મૂકી, લોકોના અવરનેસ માટે જૂનાગઢ એફ.એમ. રેડિયોના આરજે અજય મારફતે ઓડિયો ક્લિપ બનાવી, ખોયા પાયા ટીમ બનાવી તેમજ હોમ ગાર્ડ જવાનોની ૧૦-૧૦ જવાનોની ત્રણ ટીમ બનાવી, પ્રવેશ દ્વાર ઉપર વધારાના સીસીટીવી કેમેરા ગોઠવી, ચેકીંગ પ્રથા મજબૂત બનાવી, નવતર પ્રયોગ હાથ ધરવામાં આવતા, એક પણ અનિચ્છનિય બનાવ વગર વિના વિઘ્ને કાર્યક્રમ શાંતિપૂર્ણ પૂરો થયો હતો.

કાંકરિયા કાર્નિવલમાં આવતા માણસોની થોડીક બેદરકારીથી તેઓના બાળકો પરિવારથી વિખુટા પડી જવાના બનાવો અવાર નવાર બને છે. ખોવાયેલા અને મળેલા વ્યક્તિ તથા બાળકોને શોધવા તથા સોંપવા માટે જે ડિવિઝન ના એસીપી પ્રદિપસિંહ જાડેજા તથા કે ડિવિઝન એસીપી મિલાપ પટેલના માર્ગદર્શન હેઠળ મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઇ ડી.પી. ઉનડકટ, પીએસઆઈ એસ.એસ.પટેલ સહિતના સ્ટાફે આશરે ૫૦ થી ૬૦ જેટલા ગુમ થયેલા બાળકો અને માણસોને પરિવારજનો સાથે મિલન કરાવવામાં આવેલ હતું. અને લોકોને સાવચેત સુરક્ષિત રાખી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે, એ સૂત્ર અમદાવાદ શહેર પોલીસએ સાર્થક કર્યું હતું.

## ચોટીલામાં એસ.ટી. વિભાગની જમીન પર કેબીન રાખનાર સામે લેન્ડ ગ્રેબીંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોટીલા હાઈવે પર બસ સ્ટેશન બનાવવા માટે સરકારે એસ.ટી. વિભાગને જમીન ફાળવી હતી. આ જમીન પર કેબીન મુકી દબાણ થયુ હતુ. જે અંગેની અરજી કરાઈ હતી. જેમાં કલેકટરે ગુનો દાખલ કરવાનો હુકમ કરતા ૧ જાન્યુઆરીએ રાજકોટના વિભાગીય નીયામકે કેબીન ધારક સામે લેન્ડ ગ્રેબીંગ હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે. રાજય સરકાર દ્વારા અમલી બનેલો લેન્ડ ગ્રેબીંગનો કાયદો ઝાલાવાડમાં અનેક લોકો માટે આશીર્વાદરૂપ નીવડયો છે. માથાભારે તત્વો દ્વારા પચાવી પાડેલ મિલકતો સામે લોકો ફરિયાદ કરતા થયા છે. ત્યારે ચોટીલામાં એસ.ટી.વિભાગની જમીન પર લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ નોધાઈ છે. બનાવની મળતી માહીતી મુજબ અમદાવાદથી રાજકોટ તરફ જતા હાઈવે પર ચોટીલામાં આવેલ પીકઅપ સ્ટેન્ડના સ્થાને બસ સ્ટેશન બનાવવા વિભાગને જમીન ફાળવી હતી. આ જમીન પર તા. ૧૫-૧૨-૨૨થી કામગીરી શરૂ કરાઈ હતી. જેમાં એક નાનો ડુંગર આવતો હોય તેની કાપણી કરવાની હતી. ત્યારે ડુંગરની ધાર કપાયા બાદ આ સ્થળે ચોટીલાની પરમાર શેરીમાં રહેતા કિશોરસીંહ મનુભા પરમારે કેબીન મુકી દબાણ કર્યુ હતુ. કિશોરસીંહને અવારનવાર સમજાવવા છતાં તેઓ જમીન ખાલી ન કરતા અંતે એસ.ટી. વિભાગ દ્વારા તા. ૭-૮-૨૦૨૩ના રોજ કલેકટર કચેરીમાં લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ અરજી કરાઈ હતી. જેમાં કલેકટરે તા. ૫ ડિસેમ્બરે ૨૦૨૩ના રોજ ફરિયાદનો હુકમ કર્યો હતો.

## રાજકોટમાં કારખાનેદાર, શ્રમિક સહિત ચાર વ્યક્તિના હૃદયરોગના હુમલાથી મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ વધુ ચાર લોકોના હૃદય રોગના હુમલાથી અવાસન થતા અરેરાટી વ્યાપી ગઈ છે. આ અંગેની માહિતી મુજબ શહેરના ૮૦ ફુટ રોડ પર ઉમાકાંત પંડિત ઉધોગનગરમાં રહેતા અને કારખાનું ચલાવતાં કારખાનેદાર રમેશભાઈ જીવરાજભાઈ અમીપરા ઉ.૫૫ સવારે કારખાને જ બેભાન થઈ જતાં સીવીલ હોસ્પિટલે ખસેડાયા હતા પરંતુ અહીં હાર્ટએટેકથી મત થયાનું જાહેર કર્યુ હતુ મૃતક ૩ ભાઈ ૧ બહેનમાં બીજા નંબરના અને સંતાનમાં પૂત્ર હોવાનું માલવીયાનગર પોલીસની તપાસમાં જાણવા મળ્યુ છે.રાજકોટમાં આરટીઓ ઓફીસ પાછળ આરએમસી હુડકો કવાર્ટરમાં રહેતા મધુભાઈ પોલાભાઈ સાબડ ઉ.૪૫ યાર્ડથી શાકભાજી રીક્ષામા ભરી મોચી બજાર ફેરો નાખવા આવ્યા હતા ત્યારે મસ્જીદ પાસે જ બેભાન થઈ ઢળી પડતાં ૧૦૮ મારફ્ત સીવીલ હોસ્પીટલમાં ખસેડાયા હતા પરંતુ ટુંકી સારવાર દરમિયાન મોત નિપજયું હતું. બનાવને પગલે એ ડીવીઝન પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો તેમનું મોત હાર્ટએટેકથી થયાનું જાણવા મળ્યું છે જ્યારે રૈયાધારમાં બંસીધર પાર્કમાં રહેતા રઘુભાઈ વિહાભાઈ શિયાળીયા ઉ.૫૪ ગત રાત્રે ઘરે હતા ત્યારે છાતીમાં દુઃખાવો ઉપડતા હોસ્પિટલે લઈ જતાં ફરજ પરના તબીબોએ જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા યુનિવર્સિટી પોલીસના સ્ટાફે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી પ્રાથમિક તપાસમાં મૃતક ડ્રાઈવીંગ કામ કરતા હોવાનું અને ચાર ભાઈ ચાર બહેનમાં મોટા હોવાનું જાણવા મળ્યુ છે. મોભીના મોતથી એક પુત્ર અને બે પુત્રીએ પિતાનુ છત્ર ગુમાવતાં પરીવારમાં શોક વ્યાપી ગયો છે તેમજ મૂળ એમપીનો અને કલીનર તરીકે નોકરી કરતો કાલુલાલ પ્રભુલાલ મેઘવાલ ઉ.૩૬ ગઈકાલે એમપીથી ડ્રાયવર કનૈયાલાલ સાથે મેંગો માર્કેટમાં ફુટ ખાલી કરવા આવ્યો હતો અને બોલેરોમાં સુઈ ગયા બાદસવારે નહી ઉઠતાં બેભાન હાલતમાં હોસ્પિટલે લઈ જતાં મૃત જાહેર કરાયો હતો બી ડીવીઝન પોલીસની તપાસમાં મૃતક અપરણીત હોવાનું જાણવા મળ્યુ છે.

## ભાયાવદરમા ગેરકાયદેસર અનાજના જથ્થા પર ઉપલેટા મામલતદાર તેમજ સ્ટાફે ઘોંસ બોલાવી ઘઉ, ચોખ્ખા અને ચણાની ૧૬ બોરી ઝડપી પાડેલ

### અનાજના જથ્થાની રેડ બાદ ભાયાવદરની કન્યા શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રમાં તપાસ કરતા અનાજના સ્ટોકમાં ગોટાળો નીકળ્યોઃ સ્થાનિક રાજકીય આગેવાનો દ્વારા આ મામલો રફેદફે કરીને ઢાંક પીછોડોના પ્રયત્ન નિષ્ફળ

**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

ઉપલેટાના ભાયાવદર માંથી ગેરકાયદેસર અનાજનો જથ્થો ઝડપાયો હોવાનું સામે આવ્યું છે જેમાં મામલતદાર કચેરી સ્ટાફને ઉપલેટાના જાગૃત નાગરિક પાસેથી મળેલી બાતમીના આધારે ભાયાવદર ગામના ફૂલવાડી વિસ્તારમાં રેડ કરી ઘઉં, ચોખા તેમજ ચણાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે અને ઝડપાયેલા જથ્થાને સીઝ કરીને સરકારી ગોડાઉન ખાતે મોકલી દેવામાં આવ્યો છે ત્યારે આ રેડ બાદ આ જથ્થા અંગેનું કનેક્શન મધ્યાન ભોજન કેન્દ્રમાં હોવાની માહિતી મળતા ભાયાવદરના એક મધ્યાન ભોજન કેન્દ્રમાં તપાસ કરતા મધ્યાન ભોજન કેન્દ્રમાં ચોપડે નોંધાયેલ જથ્થા કરતા ઓછો માલ નીકળ્યો હોવાનું સામે આવ્યું છે ત્યારે હાલ ઝડપાયેલા જથ્થા અને તપાસની અંદર ઉપલેટા મામલતદાર તેમજ કચેરી સ્ટાફ દ્વારા ઊંડાણપૂર્વક પૂછતાછ અને તપાસના તમામ શરૂ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



ઉપલેટા તાલુકાના ભાયાવદર શહેરના ફૂલવાડી વિસ્તારમાં મામલતદાર કચેરી સ્ટાફે તપાસ કરતા આઠ ઘઉંની બોરીઓ, સાત ચોખાની બોરીઓ અને એક ચણાની બોરી અનઅધિકૃત રીતે રાખેલ હોવાનું માલુમ પડ્યું હતું. આ જથ્થો ભાયાવદરના હાર્દિક ચંદુલાલ ઘેટીયા પાસેથી ઝડપી પાડ્યો હોવાનું સામે આવ્યું હતું ત્યારે તેમની પાસેથી કુલ ૧૫ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી સીઝ કરવામાં આવ્યો હતો અને આ જથ્થો ઉપલેટાના સરકારી અનાજના ગોડાઉન ખાતે જમા કરાવવામાં આવ્યો હતો.

આ રેડ બાદ આ જથ્થાનું કનેક્શન ભાયાવદર શહેરની કન્યાશાળા ખાતે ચાલતા મધ્યાહ્ન ભોજન કેન્દ્ર સાથે સંકળાયેલ હોવાની જાગૃત નાગરિક દ્વારા માહિતીઓ આપતા મામલતદાર કચેરી સ્ટાફ દ્વારા ભાયાવદરના મધ્યાન ભોજન કેન્દ્ર પૈકીના કન્યા શાળાના કેન્દ્રના સંચાલક સોમાભાઈ મકવાણાના કેન્દ્ર પર મામલતદાર કચેરી સ્ટાફ દ્વારા મધ્યાન ભોજન કેન્દ્રના અનાજના જથ્થા અંગેની સ્ટોકની ખરાઈ કરતા અપૂરતો સ્ટોક નીકળ્યો હોવાનું પણ સામે આવ્યું હતુંજે બાદ સમગ્ર બાબતે મામલતદાર કચેરી સ્ટાફ દ્વારા તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

ઉપલેટાના ભાયાવદર ગામે ગેરકાયદેસર અનાજનો જથ્થો રાખવામાં આવેલ હોય તેમજ ગેરકાયદેસર રીતે જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો હોવાની માહિતી ઉપલેટાના એક જાગૃત નાગરિકને મળતા સમગ્ર બાબતે ઉપલેટા મામલતદાર તેમજ કચેરી સ્ટાફને જાણ કરી હતી જે બાદ ઉપલેટા મામલતદાર મહેશ ધનવાણી, તેમજ પુરવઠા નાયબ મામલતદાર જીતુભાઈ કરંગિયા તેમજ મધ્યાહ્ન ભોજનના ઈનચાર્જ નાયબ મામલતદાર જાગૃતિબેન ડોબરીયા તેમજ કચેરી સ્ટાફ દ્વારા સમગ્ર બાબતે ઊંડાણપૂર્વક તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ કરતા ગપલો કરનારાઓમાં ફફડાટ ફેલાયો હોવાનું સામે આવ્યું છે.

તંત્ર દ્વારા ગેરકાયદેસર જથ્થા પર રેડની કામગીરી કરવામાં આવી રહી હતી ત્યારે ભાયાવદરના સ્થાનિક રાજકીય આગેવાનો દ્વારા આ મામલો રફેદફે કરીને ઢાંક પીછોળા કરવા ધાર્મિક કર્યો અંગે સ્ટોક લીધેલ હોવાની ગોળ-ગોળ વાતો કરીને પતાવટ કરવા માટેના ખૂબ મહેનત કરવામાં આવી હતા જો કે આ સમગ્ર બાબતની અંદર કોઈપણને છોડવામાં નહીં આવે તેમજ કોઈપણ ચમરબાંધીને છાવરવામાં નહીં આવે તેવું પણ અધિકારીઓ જણાવવામાં આવ્યું છે.

# થર્ટી ફર્સ્ટની રાત્રે રાજકોટ રેન્જના પાંચ જિલ્લાઓમાં દારૂના ૨૦૦થી વધુ ગુના નોંધાયા

## નશાખોરીના ૮૩, દારૂના કબ્જાના-૬૯ તથા ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના-૫૭ ગુન્હાઓ દાખલ કરવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થર્ટી ફર્સ્ટમાં દારૂનું ધૂમ સેવન થવાનું હોય અને બૂટલેગરો પણ ધંધો કરી લેવાના મૂડમાં હોય બૂટલેગરો પર તૂટી પડવા રેન્જ આઈજી અશોકકુમાર યાદવે આદેશ કર્યા કરતા ગઈ તા.૩૧/૧૨ ના રાત્રીના નવા વર્ષની ઉજવણી ૧-જાન્યુઆરી નિમીતે લોકો દ્વારા રાત્રીના મોડે સુધી હોટેલો, ફાર્મ હાઉસ, કલબો, પ્રાઈવેટ પાર્ટી પ્લોટ વિગેરે જાહેર સ્થળોએ ડાંસ તથા ડિનર પાર્ટીના કાર્યક્રમો આયોજન કરવામાં આવતુ હોય છે. જેથી સદરહુ બાબતોને ધ્યાને રાખી રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષકશ્રીની સુચના અનુસાર ગઈ તા.૩૧/૧૨ થી તા.૦૧/૦૧ સુધી રેન્જના તમામ રાજકોટ જિલ્લાઓ ખાતે એક ખાસ પ્રોહીબીશન ડ્રાઈવનુ આયોજન કરવામાં આવેલ હતુ.



દ્વારકા જીલ્લામાં પીધેલના-૧૬, દેશી દારૂના કબ્જાના-૭, ઇંગ્લીસ દારૂના-૩, ડ્રન્ક એન્ડ ડ્રાઇવના-૫ કુલ મળી-૩૧ ગન્હાઓ દાખલ કરવામાં આવેલ.જામનગર જીલ્લામાં પીધેલના-૨૩, દેશી દારૂના કબ્જાના-૧૬, ઈંગ્લીસ દારૂના-૪, ડ્રન્ક એન્ડ ડ્રાઇવના-૧૫ કુલ મળી-૫૮ ગન્હાઓ દાખલ કરવામાં આવેલ છે. જેમાં મોરબી જીલ્લામાં પીધેલના-૧૨, દેશી દારૂના કબ્જાના-૫, ઈંગ્લીસ દારૂના-૭, ડ્રન્ક એન્ડ ડ્રાઇવના-૭ ના-૭ કુલ મળી-૩૧ ગન્હાઓ દાખલ કરવામાં આવેલ.રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં પીધેલના-૧૯, દેશી દારૂના કબ્જાના-૧૪, ઈંગ્લીસ દારૂના-૨, ડ્રન્ક એન્ડ ડ્રાઇવના-૨૪ કુલ મળી-૫૯ ગન્હાઓ દાખલ કરવામાં આવેલ.

સુરેન્દ્રનગર જીલ્લામાં પીધેલના-૧૩, દેશી દારૂના કબ્જાના-૯, ઇંગ્લીસ દારૂના-૨, ડ્રન્ક એન્ડ ડ્રાઇવના-૬ કુલ મળી-૩૦ ગન્હાઓ દાખલ કરવામાં આવેલ એમ રાજકોટ રેન્જ વિસ્તામાં તા.૩૧/૧૨ તા.૦૧/૦૧ વાગ્યા સુધી કુલ-૨૦૯ પ્રોહીબીશનના ગુન્હાઓ દાખલ કરવામાં આવ્યા હતા.

# જિંદગી સામે જંગ હારી એંજલઃ બોરવેલમાં ફસાયેલી ત્રણ વર્ષની બાળકીનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ









**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકાના રાણ ગામમાં રહેતા એક પરિવારની બાળકી ફળિયામાં રમી રહી હતી. એ દરમિયાન અકસ્માતે બાળકી ૧૦૦ ફૂટ ઊંડા બોરવેલમાં ખાબકી હોવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ દ્વારકા નગરપાલિકાના ફાયર વિભાગને કરાતા ફાયર ટીમ, ૧૦૮ એમ્બ્યુલન્સ તથા ડોક્ટરોની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ૯ કલાકની જહેમત બાદ બાળકીને બોરવેલમાંથી બહાર કાઢી લેવાઈ હતી. ગઉછ્ઞટીમે યુદ્ધના ધોરણે દિલધડક રેસ્ક્યૂ ઓપરેશન કરી બાળકીને બહાર કાઢી લીધી હતી. ખંભાળિયા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન એન્જલનું દુઃખદ મોત થયું છે.દ્વારકાના રાણ ગામમાંથી મોટા અહેવાલ આવ્યા છે, જ્યાં એંજલ શાખરા નામની બાળકી રમતાં રમતાં બોરમાં પડવાની ઘટના બની હતી. બાળકી ફળિયામાં રમતી હતી ત્યારે અચનાક તે બોરવેલ આગળ પહોંચી ગઈ હતી અને અકસ્માતે બોરમાં પડી ગઈ હતી. સ્થાનિક તંત્રએ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ બાળકીનું રેસ્ક્યૂ-ઓપરેશન હાથ ધર્યું હતું. અચાનક બાળકી બોરવેલમાં પડતાં ગ્રામજનો દોડી આવ્યા હતા અને તંત્રને જાણ કરી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સે બોરવેલની અંદર ઓક્સિજન મોકલવાની કામગીરી હાથ ધરી હતી. બાળકીને દોરડા વડે ૧૫ ફૂટ સુધી ખેંચી લેવામાં આવી હતી. જોકે પ્લાન ઇ પ્રમાણે ઉંઇઇની મદદથી ખાડો ખોદી રેસ્ક્યૂ શરૂ કરવામાં પણ આવ્યું હતુ.બાળકી ૧૦૦ ફૂટ ઊંડા બોરવેલમાં ખાબક્તાં હાલ ૨૫થી ૩૫ ફૂટ ઊંડે ફસાઈ હોવાનું અનુમાન હતું. તેને બચાવવા તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બોરવેલ અંદર ઓક્સિજન મોકલવામાં આવ્યો હતો.કલેક્ટર, મામલતદાર, ઝઉઘ સહિતના તમામ અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા.કલેક્ટર અશોક શર્માએ જણાવ્યું હતું કે દ્વારકાના કલ્યાણપુર તાલુકાના રાણ ગામે એક અઢી વર્ષની બાળકી બોરવેલમાં ફસાઈ છે. અમે તેને ઓક્સિજન પહોંચાડી રહ્યા છીએ, સાથે આર્મીની ટીમ પણ રસ્તામાં છે. અમે રિલાયન્સની ફાયરની ટીમને કહ્યું છે, ઉપરાંત ગઉછ્ઞની ટીમને પણ જાણ કરી છે. આશા છે અમે બાળકીને બચાવી લઈશું.

# સામાકાંઠે પ્રતિબંધીત ચાઈનીઝ વસ્તુઓનું વેચાણ ન કરવા પોલીસે યોજી વેપારી સાથે મીટીંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉતરાયણ તહેવાર અનુસંધાને લોકો ચાઈનીઝ માંઝા, પ્લાસ્ટીક દોરી, ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) નો ઉપયોગ ના કરે જે ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઈ પણ વ્યક્તિના શરીરના કોઈ પણ ભાગમાં ઘસાવવાથી શરીર ઉપર તિક્ષ્ણ કાપાઓ પડતા હોય છે તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બનતા હોય છે તેમજ તુક્કલમાં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકસાન થતુ હોય છે તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપતિને નુકસાન થતુ હોય છે. જેથી આવી પ્રતિબંધીત વસ્તુનો ઉપયોગ રોકવા માટે તેમજ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર દ્વારા પાડવામાં આવેલ જાહેરનામાંનુ ચુસ્તપણે પાલન થાય જેથી અન્વયે અત્રે બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પતંગ તથા દોરીઓનું વેચાણ કરતા તેમજ આવા જથ્થાનો સંગ્રહ કરતા વેપારીઓ સાથે આજરોજ બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.બારોટની રાહબરી હેઠળ મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વેપારીઓ હાજર રહેલ. જેઓને રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સાહેબના ઉતરાયણ તહેવાર અનુસંધાને બહાર પાડવામાં આવેલ જાહેરનામાંથી વાકેફ કરેલ. અને તમામને જાહેરનામાની નકલો આપવામાં આવેલ. અને આગામી ઉતરાયણ તહેવાર અન્વયે વેપારીઓએ પ્રતિબંધીત ચાઈનીઝ માંઝા, પ્લાસ્ટીક દોરી, ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ)નું વેચાણ નહી કરવા તેમજ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના જાહેરનામાનું ચુસ્ત પાલન કરવા સમજ આપી હતી.






# વાંકાનેરમાં પુત્ર વિયોગમાં માતા અને બે પુત્રીનો સામુહિક ગળેફાસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરની ભાટિયા સોસાયટીમાં રહેતા મંજુબેન તેમજ તેમની બે પુત્રીએ સામુહિક ગળેફાસો ખાઈ આપઘાત કરી લેવાની ઘટનામાં અગાઉ આશરે એક વર્ષ પહેલા મૃતક મંજુબેનના દીકરા કે જે પોલીસ વિભાગની પરીક્ષામાં નાપાસ થયાનું લાગી આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જે બાબતે મંજુબેન અને તેના પરિવાર આ ઘટનાને ભૂલી નહોતા શક્યા. પુત્ર વિયોગમાં છેલ્લા ઘણા સમયથી તેઓ ગુમસુમ રહેતા હોય ત્યારે આજરોજ મંજુલાબેન ભરતભાઈ ખાડેખા ઉવ.૪૫ અને તેની બંને પુત્રી અંજુબેન ભરતભાઈ ખાડેખા ઉવ.૨૩, સેજલબેન ભરતભાઈ ખાડેખા ઉવ.૧૯ એમ ત્રણેય સામુહિક ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર વાંકાનેર પંથકમાં ચકચાર મચી ગયો હતો.







આ સાથે માતા અને પુત્રીના સામુહિક આપઘાત કેસની પ્રાથમિક તપાસમાં પોલીસને સુસાઇડ નોટ મળી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે અમે અમારા પુત્ર વિના જીવી શકીયે તેમ નથી એટલા માટે અમે અમારી જાતે ગળેફાંસો ખાઈ આપઘાત કરી રહ્યા છીએ આ માટે કોઈ જવાબદાર નથી. જેવી વિગતો લખેલ મળી આવી હતી હાલ વાંકાનેર પોલીસે અ. મોતની નોંધ કરી આ કેસની આગળની તપાસ પીએસઆઈ કાનાણી દ્વારા ચલાવવામાં આવે છે.

# લાપાસરી ગામે રૂમની દીવાલ ધરાશાયી થતાં બાળકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રંબા નજીકના લાપાસરી ગામે રહેતાં એમપીના મજૂર પરિવારનો ત્રણ વર્ષનો બાળક વાડીએ રમી રહ્યો હતો તે વેળાએ તેમાં પર રૂમની દિવાલ પડતાં ગંભીર ઇજા થતાં મોત નિપજ્યું હતું. જાણવા મળ્યા મુજબ લાપાસરી શૈલેષભાઇ વઘાસીયાની વાડીમાં રહેતાં એમપીના સુરેશ નિનામાનો પુત્ર અમિત (ઉ.વ.૩) વાડીએ રમતો હતો ત્યારે રૂમની દિવાલ એકાએક માથે પડતાં ગંભીર ઇજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતક એક બહેન અને ત્રણ ભાઇમાં મોટો હતો. પિતા ખેત મજૂરી કરે છે. હોસ્પિટલ ચોકીના કનુભાઇ માલવીયાએ જાણ કરતાં આજીડેમના એએસઆઇ વી. બી. સુખાનંદીએ આગળની તપાસ હાથ ધરી છે.



# સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવકોને ખોટા નિમણૂકપત્રો બનાવી ૯૯ લાખ રૂપિયા પડાવ્યા

## ગીર સોમનાથ પોલીસે વધુ એક કૌભાંડ ઝડપી લઈ ત્રણ નકલી અધિકારીની કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલાં યુવક-યુવતીઓને સરકારી નોકરી અપાવવાની લાલચ આપતી નકલી અધિકારીઓની ટોળકી પકડાઈ, જેણે ખોટા નિમણૂકપત્રો બનાવી ૩૦થી વધુ લોકો પાસેથી ૯૯ લાખ રૂપિયા ખંખેરી લીધા હતા. જોકે ગીર સોમનાથ ક્ઈઇએ આ ટોળકીને પકડી પાડી છે. જાણો કેવી રીતે આ નકલી અધિકારીઓ લોકોને લૂંટતા હતા.

સરકારી નોકરીની લાલચ આપી લાખો રૂપિયા ખંખેરતી ત્રણ શખસની ટોળકીને ગીર સોમનાથ પોલીસે ઝડપી લઈ મોટી છેતરપિંડીના કાવતરાનો પર્દાફાશ કર્યો છે. આ ટોળકીને સરકારી નોકરીની તૈયારી કરતા ૩૦ લોકોને છેતરી એક કરોડની છેતરપિંડી આચરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ ટોળકી પાસેથી ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ, આઈપીએસ, સચિવોની બોગસ સહીવાળા લેટરો મળી આવતાં પોલીસે તપાસનો ધમધમાટ આગળ ધપાવ્યો છે.





આ મુદ્દે જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ પત્રકાર પરિષદ યોજી માહિતી આપતાં જણાવ્યું હતું કે જૂનાગઢ, ગીર સોમનાથ સહિતના જિલ્લામાં રહેતા અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાઓને જુદા જુદા વિભાગોમાં સરકારી નોકરીઓ અપાવી દેવાના વાયદા કરી ખોટા નિમણૂકપત્રો આપી લાખો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનો બનાવ આડકતરી રીતે પોલીસના ધ્યાનમાં આવ્યો હતો.

બાદમાં તા.૨૧/૩/૨૦૨૩ના રોજ વેરિફિકેશન માટે ગાંધીનગર ડો.જીવરાજ મહેતા, કર્મયોગી ભવનમાં લઈ જઈને સચિવાલય સેવા કારકુન/સચિવાલય ઓફીસ આસિસ્ટન્ટ સંવર્ગ - ૦૩ની ભરતીનો લેટર આપ્યો હતો. ત્યાંથી ઉમેદવારોએ જૂનાગઢ લઈ જઈ કલેક્ટર ઓફિસમાં મહેસૂલ વિભાગનો નિમણૂકપત્ર આપ્યો હતો. જોકે એ સાચો ન હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘટના બાદ જેઠાભાઈ ઉર્ફે સુભાષ સહિતનાનો મોબાઈલ બંધ આવતો હતો. ઉપરોક્ત વિગતો સાથે IPC કલમ ૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો ગુનો નોંધી LCB, સુત્રાપાડા પોલીસની સંયુક્ત ટીમોએ તપાસનો ધમધમાટ હાથ ધર્યો હતો.

દરમિયાન એલસીબીના નરેન્દ્ર કછોટ, લાલજી બાંભણિયા, રામદેવસિંહ જાડેજા, નટુભા બસિયા, પ્રવીણભાઇ બાંભણિયાઓને મળી સંયુક્ત હકીકત આધારે ઘંટિયા પ્રાંચીથી (૧) જેઠાભાઇ ઉર્ફે સુભાષ બચુભાઇ ચૂડાસમાં (ઉં.વ.૩૫) જૂનાગઢથી (૨) હરસુખલાલ પૂનાભાઇ ચૌહાણ, (ઉં.વ.૫૫) કડી(મહેસાણા)થી (૩) નીલકંઠકુમાર જયંતીલાલ પટેલ ઉર્ફે પિન્ટુ પટેલ, (ઉં.વ.૪૫)ની ધરપકડ કરી લઈ પૂછપરછ હાથ ધરી હતી. આ ટોળકીએ જુદાં જુદાં ૨૫ યુવક-યુવતીઓને સરકારી નોકરી અપાવી દેવાનું કહી વિશ્વાસમાં લઈ કુલ રૂ.૯૯ લાખની રકમ છેતરપિંડીથી લઈ લીધી હતી.

આ ટોળકીનો જેઠાભાઈ ઉર્ફે સુભાષભાઈ ચૂડાસમા ટ્રેનિંગ એકેડમી ચલાવતો હતો. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે આવતા સ્પર્ધકોને તેમજ તેમના વાલીઓને સરકારી નોકરીની લાલચ આપતો હતો. પોતાના દ્વારા બીજા લોકોને અપાયેલા સરકારી નોકરીના ખોટા નિમણૂકપત્રો મોબાઇલમાં દેખાડી વિશ્વાસમાં લેતો હતો. ત્યાર બાદ ગાંધીનગર ખાતે ખોટા ધક્કા ખવડાવીને ખોટા નિમણૂકપત્રો આપી પૈસા પડાવી લેવાની એમ.ઓ. ધરાવતો હતો.

જ્યારે બીજો આરોપી હરસુખલાલ પૂનાભાઇ ચૌહાણ એજન્ટ તરીકે કામ કરી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારોને શોધી લાવતો હતો. પરીક્ષા આપ્યા વગર અનુ.જાતિના ખાસ ક્વોટામાં સરકારી નોકરી અપાવવાની લાલચ આપી પૈસા પડાવતો હતો. ત્રીજો આરોપી પિન્ટુ પટેલ સ્વર્ણિમ સંકુલ ગાંધીનગર ખાતે કલાર્ક તરીકે નોકરી કરતો હોવાનું જણાવી વિશ્વાસ પ્રસ્થાપિત કરી સરકારી નોકરીના ખોટા નિમણૂકપત્રો બનાવી પૈસા પડાવી લેવાની એમ.ઓ. ધરાવે છે.

# કોડીનારમાં મોબાઈલની ચીલઝડપ કરનાર સમડીને દબોચી લેતી એસઓજી ટીમ

**મુખ્ય સમાચાર, ગીર સોમનાથ**

તાલાલા પાસેથી મોબાઈલ તસ્કર બેલડીને એસઓજીની ટીમે ઝડપી લેતા કોડીનારની ચીલઝડપનો ભેદ ઉકેલાયો છે. ગીર સોમનાથ એસઓજીના પીઆઈ એ. બી. જાડેજા, પીએસઆઇ કે. પી. જાદવ તાલાલા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ઉમરેઠી રોડ પર વેરાવળનો હુસેન ઉર્ફે એસપી ચાંદભાઈ મોરી અને જેઠવા સાહિલ યુસુફ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. આ ઇસમોની પૂછપરછ કરતા બંને મોબાઈલ ચોર હોવાનું જણાયું હતું. અને બંનેએ તાજેતરમાં કોડીનાર ખાતે ચીલઝડપ કરી હોવાની પણ કબુલાત આપી હતી. આ શખ્સોની સાથે મોબાઈલ ચોરીમાં સામેલ સરખડી ગામનો સંજય રાયસિંહ વાળા, ફારુક જુમા બાનવા, પિયુષ કરસન વાળા અને રાહુલ વીરભાણ વાળાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.



# ગાંધીના ગુજરાતમાં માત્ર કાગળ પર દારૂબંધીઃ સ્ટેટ મોનીટરીંગ સેલે એક વર્ષમાં ૧૯ કરોડનો દારૂ પકડયો

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

આમ તો ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ છે પરંતુ કહેવાય છે કે કદાચ અન્ય રાજ્યો કરતા ગુજરાતમાં ચોરી છુપીથી સૌથી શ્રી વધુ દારૂ પીવાતો હશે. બીજી તરફ બહારના રાજ્યોમાંથી જે દારૂનો જથ્થો ગુજરાતમાં આવી રહ્યો છે તેને રોકવા પોલીસ પણ તેટલી જ સતર્ક છે. આ તમામ વાતો વચ્ચે વર્ષ ૨૦૨૩ માં પોલીસ દ્વારા જે દારૂ અને જુગારને રોકવાની કામગીરી કરવામાં આવી તેના આંકડા ખુબ ચોકાવનારા આવ્યા છે.



ગેરકાયદે પ્રવૃત્તિઓ રાજ્યભરમાં અટકાવવા દારૂની માટે હેરાફેરી સ્ટેટ મોનીટરીંગ જુગારની સેલ ગેરકાયદેસર એટલે કે વિજિલન્સ પોલીસ કાર્યરત હોય છે અને તેણે સમગ્ર ગુજરાતમાં આ પ્રમાણેની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અટકાવવાની જવાબદારીઓ હોય છે. ત્યારે આ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા વર્ષ ૨૦૨૩ માં ગુજરાત રાજ્યમાં દારૂની હેરાફેરી અટકાવવા માટે ખુબ સરસ કામગીરી કરી છે. તેના જ પરિણામે રાજ્યમાં ખૂબ મોટી સંખ્યામાં દારૂનો જથ્થો પકડાયો છે.

સામાન્ય રીતે ગુજરાતને રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની ત્રણ બોર્ડર જોડાય છે અને આ ત્રણ રાજ્યમાંથી મોટાભાગે દારૂનો જથ્થો ગુજરાતમાં આવે છે. મહત્વનું છે કે અત્યાર સુધી ગુજરાતના નામચીન મોટા ચાર થી પાંચ બુટલેગરો કે જેમણે સમગ્ર ગુજરાતના અલગ અલગ વિસ્તારોને દારૂ સપ્લાય માટે વહેંચી લીધા હતા, પરંતુ સ્ટેટિંગ સેલની ટીમ દ્વારા આ તમામ બુટલેગરોને પકડી પાડવામાં આવ્યા છે. ત્યારે હવે અલગ અલગ બુટલેગરો થઈને ગુજરાતમાં અલગ અલગ રસ્તાઓ પરથી દારૂ ઘુસાડી રહ્યા છે. અત્યાર સુધી રાજસ્થાન, મહારાષ્ટ્રકે મધ્યપ્રદેશ થી જે દારૂનો જથ્થો ગુજરાતમાં આવતો તેને અલગ અલગ ટેંકરો દ્વારા અથવા તો મોટા ટ્રકમાં ગુજરાતમાં લઈ આવવામાં આવતો હતો. કોઈપણ ચીજ વસ્તુની આડમાં ટ્રકોમાં ગુજરાતમાં દારૂની હેરાફેરીઓ કરવામાં આવતી હતી. જે બાદ દૂધ, પાણી કે કેમિકલના ટેન્કરમાં ભરીને દારૂનો જથ્થો ભરવામાં આવે છે અને તેને ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓથી બોર્ડર પાર કરાવવામાં આવે છે. ૩ થી ૪ અલગ અલગ કારમાં દારૂનો જથ્થો ભરીને દસ પંદર કિલોમીટરના અંતરે આ કારને રવાના કરવામાં આવે છે. જો પોલીસ કોઈ એક કારને પકડે તો અન્ય પાછળની તમામ કારોને અન્ય રસ્તાઓ પર ડાયવર્ટ કરી દેવામાં આવે છે. આ ઉપરાંત નદીમાં બોટ દ્વારા પણ દારૂની હેરાફેરી કરતા હોવાના કિસ્સા પણ સામે આવ્યા છે, જેમાં દારૂનો જથ્થો બોટમાં રાખી અને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવામાં આવે છે. તેનાથી પણ વધારે બંને રાજ્યોના ગ્રામ્ય વિસ્તારોમાં બાઈક ઉપર દારૂમાં જતો રાખીને બોર્ડર ક્રોસ કરાવવાના કિસ્સાઓ પણ પોલીસે પકડી પાડ્યા છે.

વર્ષ ૨૦૨૩ ના આંકડા પર નજર કરીએ તો વર્ષ ૨૦૨૩ માં ગુજરાત રાજ્યમાંથી જાન્યુઆરી વર્ષ સુધીમાં એટલે કે સમગ્ર વર્ષ દરમિયાન કુલ ૪૬૬ કેસ કરવામાં આવ્યા છે. જેમાં ૧૯ કરોડથી પણ વધુનો દારૂનો જથ્થો મળી ૩૯ કરોડથી પણ વધુનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. જોકે વર્ષ ૨૦૨૨ માં એસએમસી દ્વારા ૧૦ કરોડથી વધુનો દારૂ પકડી પાડ્યો હતો, જે આ વર્ષે ડબલ દારૂનો જથ્થો પકડી પાડ્યા હોવાનું માની શકાય છે.






# પોલીસની મંજુરી વગર ભીમા કોરેગાંવ શોર્ય દિનની ઉજવણીમાં રેલી કાઢનાર નવ આગેવાન સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ માલવિયાનગર પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ ડી એસ ગજેરાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૧ ડીસેમ્બરના ભીમા કોરેગાંવ શૌર્ય દિનની ઉજવણી અંતર્ગત આંબેડકરનગરથી રેલી યોજવા ચામુંડાનગરમાં રહેતા વિક્રમભાઈ પીતાંબરભાઈ વોરાએ અરજી કરી હતી પરંતુ એક સમયે એક જ રૂટ ઉપર બે રેલી યોજાનાર હોય અને બંને આયોજકો વચ્ચે મતભેદ હોય જેથી સુલેહ શાંતિનો ભંગ થવાની શક્યતા હોવાથી તેમની અરજી નામંજૂર કરવામાં આવી હતી છતાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ટોળા એકઠા થયા હોય તેમને વિખેરાઈ જવા કહ્યું હતું બાદમાં રેલી સ્વરૂપે આગળ નીકળતા પોલીસે મવડી ચોકડી, રાજનગર ચોક અને લક્ષ્મીનગર બ્રીજ પાસે પણ વિખેરાઈ જવા સુચના આપી હતી છતાં રેલી કાઢવામાં આવતા જાહેરનામાં ભંગ સબબ મોહનભાઈ રાખસીયા, પરેશભાઈ સાગઠીયા, માવજીભાઈ રાખશીયા, અશોકભાઈ સિંધવ, ગોપાલભાઈ મકવાણા, મુકેશભાઈ ડાંગર, રમેશભાઈ ડાંગર, વજુભાઈ લુણશીયા, વિક્રમભાઈ વોરા તથા રેલીમાં જોડાયેલા અન્ય માણસો સામે ગુનો દાખલ કર્યો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT